॥ ૐ શ્રી સચ્ચિદાનંદ મલયાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી
## અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

સમાધિ સ્થળ : મું. [illegible], તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત.

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ વૈશાખ, મે – ૨૦૧૫, અંક – ૫



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની ૧૧૦મી નિર્વાણ જયંતિ મહોત્સવ
તા. ૨૦-૧૧-૧૯૯૯ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની
અધ્યક્ષતામાં ભાવનગર શહેરમાં ધામધૂમથી ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય





સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૭ / મે-૨૦૧૫ / અંક-૫


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૯ | સફળતાના સોનેરી સૂત્રો <br> વિનુભાઈ સુતરીયા (પાલડી) |
| ૧૦ | નર્મદા પરિક્રમાનું મહત્ત્વ <br> ઝીલુભા બિહોલા (ઈસનપુર) |
| ૧૩ | શુભકર્મથી મોક્ષ <br> બ્રહ્મચારી શ્રી હરીશાનંદજી મહારાજ (માણસર) |
| ૧૫ | વેદોનો દિવ્ય સંદેશ <br> ગાબાણી રમીલાબેન ગોરધનભાઈ (પીપળીયા) |
| ૧૬ | ભગવાનને જાણો... <br> સંદિપ લાભુભાઈ દેસાઈ (જીવાપર) |
| ૧૬ | સુવિચાર <br> બ્રહ્મચારી જયાનંદજી |
| ૧૭ | ભજન <br> જાગૃતિબેન ભગવાનભાઈ ગાબાણી(પીપળીયા) |
| ૧૭ | ભજન <br> ભારતીબેન ડી. સંઘાડીયા (ગાંધીનગર) |
| ૧૮ | ગુરૂજી મને બહુવાલા <br> વાઘાણી ઉષાબેન ચંદુભાઈ (નાના સુરકા) |
| ૧૮ | કિર્તન <br> શોભના એ. દિયોરા (ચમારડી) |
| ૧૯ | ગુરૂ અખંડાનંદજીનું તપ <br> વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા (પીપળીયા) |
| ૧૯ | કાવ્ય <br> નાવડા મહિલા મંડળ |
| ૨૦ | આત્માનો અનુભવ <br> ભગવાનદાસ |
| ૨૧ | સ્વામીજીશ્રીનો કાર્યક્રમ <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ

ૐ

## આત્મષટક સ્તોત્રમ્

*न पुण्यं न पापं न सौख्यं न दुःखं*
*न मन्त्रो न तीर्थं न वेदा न यज्ञाः*
*अहं भोजनं नैव भोज्यं न भोक्ताः*
*चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम् ।।४।।*

### શ્લોકાર્થ

મારા આત્મામાં પુણ્ય નથી, પાપ નથી, સુખ નથી, દુઃખ નથી, મન્ત્ર નથી, તીર્થ નથી, વેદ નથી, યજ્ઞ નથી, હું ભોજન નથી, ભોજન કરવાવાળો નથી, ચિદાનંદ સ્વરૂપ શિવ છું....શિવ છું....


**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

તો ધ્યાનથી યાદ રાખો કે શરીરની અંદર રહેલો જે આત્મા છે એ અમર છે અખંડ છે શાશ્વત છે એની કિંમત છે. એ નહીં હોયને તો શરીર મડદું થઈ જશે. કેવું થઈ જશે ? બોલો અને પછી ઘરમાં કોઈ પૂછશે નહીં. ઘણાં શું કહે ? કે પૈસા હોયને તો બધા પૂછે પણ પૈસા ઢગલો હોયને પ્રાણ ન હોય તો ? જીવ ન હોય તો ? પૂછશે કોઈ ? પૈસા ન હોય તો પણ ઘણાં વિરક્ત મહાત્મા જેની પાસે નથી તોય લોકો પગે લાગવા જાય છે. પણ પ્રાણ ન હોય એને ! મડદાને એક દિવસ રાખશે ને બીજે દિ' બાળીને... એટલા માટે યાદ રાખો કે પ્રાણ અને પ્રાણને ચલાવવાવાળો આત્મા છે. એ જ પરમાત્મા છે એટલા માટે પરમાત્મા પૂર્ણ છે. અખંડ છે. વ્યાપક છે. એ સમજવાનો આગળ વિષય આવશે. પણ પ્રથમ તો સમજવું જોઈએ કે આત્મા છે કે નથી ? તો રહે છે અને છેય તે અને આ શરીર છૂટ્યા પછી પણ એ તો રહેવાનો છે છે ને છે.

ઘણા કહે છે કે આપણે માતા-પિતાને તર્પણ કરીએ તે મળે કે નો મળે ? ઘણાં કહે છે કે નથી કહેતાં, બોલો ? તો પેલા પિતા રહે છે કે નથી રે'તા એ નક્કી કરો. એનો આત્મા રે'તો હશે કે નહીં રે'તો હોય ? જો રહેતો હશે તો મળતું હશે. હવે, તમે દ્યો એ સીધે સીધું મળે કે ભગવાન એને આપે ? તો ભગવાન આપે એમ સમજવાનું. શું કરવાનું ? બોલો. પ્રકૃતિ અને પરમાત્મા એમ બે છે એમ સમજવાનું. તમે પ્રકૃતિમાં આપો ને એ પ્રકૃતિ એને બીજા માધ્યમથી આપે. તમે અહીં રૂપિયા જમા કરો તો અમેરિકા કેમ મળે ? બોલો કે એની નોટો મળે. ત્યાંની નોટો મળે અહીંની ના મળે. તો સરકાર છે એટલે મળે નકર નો મળે. એમ ભગવાન સૃષ્ટિમાં છે કે નથી ? બોલો ? તો સૃષ્ટિને ચલાવે છે કોણ ? તો પ્રકૃતિ અને ભગવાન બેય મળીને આ જગતનું સર્જન, પાલન અને વિસર્જન ચાલે છે. તમે અર્પણ જે પાણી કરો તો એ પાણીમાં પાણી ગયું કે ન ગયું ? બોલો ? પ્રકૃતિને મળ્યું ને ! તો એ પ્રકૃતિ ત્યાં એને આપે. તમે પોસ્ટ ઓફીસમાં જેમ પૈસા જમા કર્યા હોય તો તમને ત્યાં મળે તો આની આ નોટો મળે એ જરૂર નહીં પણ નોટો સરકારે ત્યાં જમા કરી એટલે ત્યાં આપે. ન કરી હોય તો ન આપે. સરકાર વ્યવસ્થિત ન હોય તો ન પણ મળે. એમ જો ભગવાન વ્યવસ્થિત ન હોય તો શું થાય ? બોલો ? પણ -

**જગતમાં સહુ વસ્તુઓ વિષે,**
**ઘટીત યોજના નાથની દિસે.**

કે જગતમાં ભગવાનની યોજના છે. કે આ બધો વરસાદ આવે એ કયાંથી આવે ? બોલો. તો તમને પાણી મળે છે કે નથી મળતું ? બોલો. કોઈએ તમારા માટે તર્પણ કર્યુ હશે જે પાણી, તમને પાણી મળે છે જેને તર્પણ ન કયું હોય એને બીચારાને જોતું હોય તોય મળતું નથી. એટલે કયાં જાય ? પછી એ રણ હોયને ત્યાં જન્મે પછી એને શું ન મળે ? બોલો. પાણી મળે નહીં. એટલા માટે પિતૃઓને માટે જે કર્યુ હોયને એને એ મળે છે. એટલા માટે ભલે ઓછું કરવું હોય તો ઓછું કરજો કોઈએ ઘસાયને કંઈ મરીને દુઃખી થઈને કરવાની જરૂર નથી. પણ તમારે હોય તો અશ્રદ્ધાવાળું ન થવું. શ્રદ્ધા હોય ને તો મળે છે અને શ્રદ્ધા ન હોય અવિશ્વાસ હોય એને મળતું નથી. તો પ્રથમ વાત બતાવી કે શરીર ગયા પછી પણ આત્મા રહે છે. એ

પ્રશ્ન પેલા પ્રશ્નમાં બતાવ્યો અને એને (નચિકેતાએ) જીજ્ઞાસા કરી કે મારે તો આત્મજ્ઞાન જ જોઈએ છે. બીજું કંઈ જો'તું નથી. કેમ કે-

**''આત્માને ઓળખ્યા વિના રે,**
**ભવના ફેરા નહીં તો મટે રે જી,**
**ભ્રમણાંને ભાંગ્યા વિના રે,**
**લખ ચોરાશી નહીં તો મટે રે જી,''**
**''આતમ જ્ઞાન વિના ઘર સુનું રે,**
**સગપણ શોધીને કાઢજો જુનું રે.''**

કે આત્મજ્ઞાન વગર સૂનું સૂનું જીવન છે કેમ કે શરીર જડ છે. આત્મા નહીં હોય તો મડ્દું થઈ જશે. એટલા માટે આત્મજ્ઞાનની નચિકેતાએ માંગણી કરી.

**इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्य**
**गोविन्दभगवत्पूज्यपाद शिष्य श्रीमदाचार्य**
**श्रीशङ्करभगवतः कृतौ कठोपनिषदभाष्ये**
**प्रथमाध्याये प्रथमवल्लीभाष्यं द समाप्तम् ॥ १ ॥**
ॐ તત્સત્ બ્રહ્માર્પણમસ્તુ ।

## द्वितीया वल्ली
## श्रेय-प्रेयविवेक

હવે, દ્વિતીય વલ્લીની અંદર એનો (આત્મજ્ઞાન) જ વિચાર કરતાં આગળ બતાવે છે કે શિષ્યની પરીક્ષા પછી વિદ્યા યોગ્યતાને જાણી અને કહે છે કે-

**अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेय-**
**स्ते उभे नानार्थे पुरुषम् सिनीतः ।**
**तयोः श्रेय आददानस्य साधु**
**भवति हीयतेऽर्थाद्य उ प्रेयो वृणीते ॥ १ ॥**
**॥ १-२-१ ॥**

**अन्यत् श्रेयः अन्यत् उत एव प्रेयः**

હવે, ધ્યાનથી બરોબર સાંભળો નચિકેતાનું સાંભળ્યું ને હવે, સિદ્ધાંત શ્રુતિનો બતાવે છે. શ્રુતિ એમ કહે છે કે શિષ્યની યોગ્યતા જોઈને બતાવે છે- (૧) **अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेय** 'એક શ્રેય છે ને એક પ્રેય છે.' જેમ તમે ગળ્યું ગળ્યું ખા-ખા કરોને તો જીભને પ્યારું લાગે અને કડવું ખાવ તો જીભને ન પ્યારું લાગે. પણ પેટને શું લાભ કરે ? તો એક શ્રેય કરવાવાળું છે ને એક પ્રેય કરવાવાળું છે. શું કરવાવાળું ? બોલો. શ્રેય કરે એટલે કલ્યાણ કરે. જન્મ-મરણના ફેરા મટાડી દે. તમારા બધા રોગ, ભવ રોગ મટાડે. શું મટાડે ? બોલો. એક તમને પ્રેમ કરવાવાળું છે. એમ જગતના પદાર્થો અનાદિ કાળના છે. એક પ્રેય અને એક શ્રેય **अन्यत् श्रेयः अन्यत् उत एव प्रेयः ।**

કે એક શ્રેય છે ને બીજું પ્રેય છે. **उभे नानार्थे पुरुषम् सिनीतः** કે બંને જુદી જુદી રીતે જીવને બાંધે છે. બાંધે એટલે જીવ એમાં જકડાય રહે છે. એમ આપણે ભજનમાં જકડાય રે'વી છીએ શું રહીએ છીએ ? અને જે ભોગી હોય તે કયાં જકડાય રહે છે ? ભોગમાં. એટલે બંને જકડાય રહે પણ બંનેના ફળ જુદા જુદા છે. **तयोः श्रेयः आददानस्य साधु भवति** શ્રદ્ધા બરોબર રાખી ધ્યાનથી સાંભળો, આ બેયમાંથી જે શ્રેયને ગ્રહણ કરે એનું કલ્યાણ થાય છે. શું કહ્યું ? બોલો. અને પ્રેય ગ્રહણ કરવાવાળા ઉપમાય. **'हीयतेऽर्थाद्य'** કે ઊંચા અર્થથી નીચે પડે છે. ઊંચેથી શું થાય ? બોલો ? નીચે પડે છે એટલે એ, અમરને બદલે મરવાવાળું મળે ચેતનને બદલે જડ મળે સુખને બદલે દુઃખ મળે. રહ્યું યાદ ? બોલો ? એટલા માટે હેઠે પડયો કહેવાય. એને સત્ય નો મળે ને અસત્ય મળે ચેતનને બદલે જડ મળે સુખને બદલે દુઃખ મળે. હવે, તમને જે ગમે એ લેજો વેદો પણ એમ કહે છે. વેદો ઉપર વિશ્વાસ કરવો જોઈએ.

**વેદ વચનમાં વિશ્વાસ રાખી (૨)**
**સદા રહો અખંડ આનંદમાં,**
**શાને ચિન્તા કરે છે તું મનમાં...**

પણ લોકો દેખાદેખી કરે છે. શું કરે ? બોલો ? દેખાદેખી સમજો છોને. ઝાઝા લોકો એ બાજુ હોયને એટલે જીવો બધા એ બાજુ જવા માંગે છે. ઝાઝા લોકો શું કે પૈસાવાળા હોયને એને મોટાભાઈ મોટાભાઈ કરે તો દુનિયા મોટાભાઈ કે' એમાં લાભ કે ભગવાન સારો કહે એમાં લાભ ? પરમાત્મા એક હોય અને દુનિયા લાખો હોય લાખો લોકોને સારું કે'વા માટે, લાખો લોકોની અંદર સન્માન મેળવવા માટે લોકો મથે છે. પણ ભગવાનને ત્યાં સારું કહેરાવવા માંગતા નથી. તો ધ્યાનથી યાદ રાખો કે ભગવાનને ત્યાં સાચું સુખ મળશે કે દુનિયામાંથી સાચુ સુખ મળશે ? એ વિવેક હોવો જોઈએ. એટલા માટે આખી દુનિયા કરે એમ કરશોને તો જગતમાં ભટકતા રહેશો ભટકતા રહેશો કેમ કે દુનિયા તો ભટક્યા કરે છે.

**પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનમ્ ।**

એટલા માટે ભગતનો ને જગતનો બંનેનો માર્ગ જુદો છે. શું છે ? બોલો કેમ કે એકને પ્રભુ તરફ જવું છે ને એકને ભોગ તરફ જવું છે એકને સત્ય લેવું છે ને બીજાને અસત્ય લેવું છે એટલે બંનેના રસ્તા જુદા

હોવાથી બંનેનો મેળ ઝાઝો ખાતો નથી.

**એક મેડક પંકજ પાસ રહે,**
**એ કમળ તણી બાસ નવ લહે,**
**વાસ કમળ તણી તો ભમર લહે,**
**અજ્ઞાની જીવ(૨),સંગ કરે સાચો પણ રંગ ચડે નહીં.**

(સ્વામી પ્રિતમદાસજી)

એમ ભગતને ને જગતને બારે માસ ઊંધુ જ હોય છે. કેમ કે દેડકાને જેમ કાદવ ગમે છે અને ભમરને સુગંધી એમ વિવેકી પુરુષોને પરમાત્મા ગમે છે ને અવિવેકી પુરુષોને શું ગમે છે ? બોલો ? કેમ કે એને વિવેક નથી. આ રહેશે કે નહીં અમર છે કે મરવાવાળું કંઈ વિવેક રાખતો નથી. એ તો બધા લે એટલે લવ છું એટલું જુવે. શું જુવે ? બોલો. બધા લોકો લે છે એટલે હું લવ છું અને બધા લોકો એને સારો માને તો હું પણ સારો માનું. સારો છે કે નહીં એવો વિચાર એનામાં નથી એટલે વિવેક વગરના છે.

**એક વિવેક વગર નર અંધા,**
**શું કર્યે આઠે પો'ર કરે ધંધા ।**

તો વિવેક વગરના હોય એ આંધળા જીવો છે આઠ પોર સુધી ધંધો કરશે તોય મરશે ત્યારે ખાલી હાથે જશે.

**કાંઈ નથી લેઈ આવ્યો સાથે, કર્મ વડે રગડાતો,**
**મારૂં તારૂં કરતાં કાલા ! કેમ નથી શરમાતો,**
**પીચાવા કાંઠે પાંથ સમાગમ આતો.**

(મહાત્મા કેશવજી)

તો જગતની અંદર આ જીવોને વિચાર કરવો જોઈએ કે આપણે શું લઈને આવ્યા હતા અને શું લઈ જવાના છીએ ? તો બોલો, લઈને તો કંઈ આવ્યા નથી. પણ લેવું છે કે અહીં ને અહીં છોડી જવું છે. તો જગતનું તો બધું અહીં ને અહીં પડયું રહેવાનું છે. કંઈ સાથે આવવાનું નથી.

**જગનું બધું જગમાં રહી જાશે,**
**આખર થાશે ફજેતાઈ,**
**ભજ મન પ્રભુ પરમ સુખદાયી.**
**મેલીને માન બડાઈ (૨)**
**ભજ મન પ્રભુ પરમ સુખદાયી,**

કે પરમાત્મા પરમ સુખ સ્વરૂપ છે. તો ભગવાનને ભજવા. ઘણા કહે અમે ભજીએ છીએ તોય સુખ થતું નથી. ધ્યાનથી યાદ રાખજો કે કોઈ ખાતું હોય તોય પેટ ભરાય નય, તો કેવું ખાતો હશે એ ? સમજવું કેવળ ચાળા કરે છે ખાતો નથી. મોઢા આગળ હાથ અડાડતો હશે અંદર થોડું થોડું.... એટલે જયાં સુધી પૂરું નો ખાય સાચી રીતે ન ખાય ત્યાં સુધી પેટ નો ભરાય. કોઈ દવા કરે છતાં રોગ જાય નહીં તો સમજવું કે એની દવા કરવામાં કંઈ ભૂલ હશે. એમ આપણે ભક્તિ કરતાં હોય છતાં જો આનંદ ન થતો હોય તો સમજવું કે આપણા ભજનમાં કોઈ ભૂલ છે.

એક ભાઈ અહીંથી મુંબઈ નીકળ્યા. સગા-વ્હાલાને મળવા અને કહે છે કે હું મહિના સુધી ફર્યો તોય સગાવ્હાલા મળ્યા નય તો શું હશે એમાં ? બોલો. એડ્રેસ ભૂલી ગયા હશે. એમ આપણે શું ભૂલી ગયા છીએ ? બોલો.... એટલે ભગવાનનું ભજન કરીએ તોય આનંદ મળતો નથી. ભગવાન આનંદ રૂપ છે કે દુઃખ રૂપ છે ? બોલો... તો એ ભગવાન હૃદયમાં મળ્યા છે કે નથી મળ્યા ? તો ભગવાન મળ્યા એ આનંદ મળ્યો કહેવાય કે દુઃખ મળ્યું કહેવાય ? એ સમજાતું નથી એટલે આનંદ મળ્યો એમ નથી કહેતા તો શું કહે ? હજી સુખ મળતું નથી. હજી આનંદ મળતો નથી. કેમ કે સુખ કેનું ? કે છોકરા થશે તો સુખ, લગ્ન થઈ જાય તો સુખ વહેવાર મળી ગયો તો સુખ. એ સુખને સુખ માન માન કરે, ને શરીરમાં કંઈ રોગ આવે તો કહે અમે તો ભક્તિ કરી તોય દુઃખ આવ્યું. શરીરમાં રોગ આવ્યો એટલે દુઃખ આવ્યું એમ માની લે. પણ તમને રોગ આવે તો ઊટતું વધારે ભગવાન સાંભરશે, શું થશે ? બોલો કેમ કે દુઃખ પડશે તો ભગવાન સાંભરશે નહીં તો ભોગો જ સાંભરવાના છે. એટલા માટે ધ્યાનથી યાદ રાખજો ભગવાન જેનાથી યાદ આવેને એ તમારું હિત કરવાવાળું થયું એ નુકસાન કરવાવાળું નથી. જગતમાં દુઃખ ભગવાને એટલે બનાવ્યું કે દુઃખ, આવે તો તમે હરી હરી કરશો નહીં પછી હાય-હાય કરશો ને હેરાન થયા કરશો ભોગોમાં પડયા રહેશો.

**સુખ મેં સાંભરે સુંદરી ને દુઃખ મેં સાંભરે રામ.**

કે સુખમાં ભોગો સાંભરે છે દુઃખ પડે ત્યારે રામ રામ કરે. અજ્ઞાનતાને લઈને જીવો અનાદિ કાળથી આ જગતમાં ભટકી રહેલા છે તો શ્રેય ગ્રહણ કરવાવાળાનું સાધુ થાય છે. એટલે કલ્યાણ થાય છે અને જે શ્રેયને બદલે પ્રેય ગ્રહણ કરે એને જગતના જન્મ-મરણના ફેરામાં પડવું પડે છે. આ સિધ્ધાંત યાદ રાખો. એટલે વિવેકી થવું જોઈએ. એટલે આગળના શ્લોકમાં બતાવ્યું કે-

**श्रेयश्च प्रेयश्च मनुष्यमेत-**
**स्तौ सम्परीत्य विविनक्ति धीरः।**
**श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते**
**प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते ॥ २ ॥**

॥ १-२-२ ॥

નચિકેતાએ યમરાજાને પૂછ્યું ત્યારે યમરાજાએ નચિકેતાને જ્ઞાન આપતા કહ્યું કે, શ્રેય અને પ્રેય બંને મનુષ્યની પાસે છે. શું છે ? બોલો. તમારી પાસે શરીરય છે ને આત્માય છે. ભોગય છે ને પરમાત્મા પણ છે. બે યાદ રાખો તમારી પાસે શું છે ? બોલો શરીરમાં આત્મા છે કે નથી ? એ તો સમજી ગયા. તમે ! એ તો શરીર છે તો શરીર તમને પ્યારું લાગે છે. શું લાગે ? બોલો.... તો એનું નામ પ્રેય છે અને આત્માને જાણો તો શ્રેય થાય એટલે આત્મા શ્રેય છે. રહ્યું યાદ ? બોલો. શરીર પ્રેય છે ને આત્મા શ્રેય છે. જો આત્મા તરફ રહેશો તો કલ્યાણ થશે. **'साधु र्भवति'** અને શરીરના મોહમાં રહેશો તો શું થશે ? બોલો **'असाधु र्भवति'** વિપરિત સમજી લેવું. તો તમે કહો કે શરીર ન સંભાળવું ? શરીર સાધન રૂપમાં સંભાળવું સાધ્યરૂપમાં નહીં. યાદ રહ્યું ? બોલો ? કયા રૂપમાં ? સાધન રૂપે સંભાળવું. સાધનને હંમેશા રાખી નો મુકાય તમે મોટર હોય એને ધોવો ને સાફ કરો બધુ કરો પણ હાંકો કે પડી રહેવા દો ? ન હાંકો તો શું કામમાં આવી ? એમ મોટર હાંકવા લીધી કે પડી રાખવા લીધી ? કે હાંકશો તો ઘસાય જશે, બગડી જશે, ગારાવાળી થઈ જશે. એમ લોકો શરીરને શું નથી કરતાં ? બોલો. વેલા ઊઠીએ તો આમ બીમાર પડી જઈએ નાઈએ તો આમ થઈ જઈએ ને બોલીએ તો આપણા શ્વાસ ઓછા થઈ જાય આ કરીએ તો આમ થઈ જાય. તો પછી કરો શું ?

એકવાર એક ભાઈ હતોને એને શાક લેવા મોકલ્યા. શાક લેવા ગયા એટલે કહેવા લાગ્યા કે આ રીંગણા લઈએ તો પિત્ત થઈ જાય. આ બટાટા લઈએ તો વાયુ થઈ જાય આ લઈએ તો કફ થઈ જાય તો કે લેવું શું ? કે લીંબડો સારો બધાય કરતાં-

**સર્વ રોગ હરો લીંબા.**

બધા રોગ હરવાવાળો લીંબડો છે એટલે લીંબડામાં રહી ગયો. એમ આ જીવો પણ બહુ દોષ જો જો કરેને એટલે જગતમાં સંસારમાં ભટકયા કરે છે. જીવ જગતને ને શરીરને સંભાળ સંભાળ કરે એટલે કોઈ દિ' ઉપર આવતો નથી. શરીર તો રોગનો ભંડાર છે છે ને છે. તમે નો સાચવોને તોય રોગ થાય સાચવો તોય રોગ થાય તમે આળસી બનોને તો આળસ એ પણ એક રોગ છે. આળસ થાય એ પણ શું છે ? રોગ છે. એટલે તમે હલતા હલતા ધીરા ધીરા આળસી. આળસી રહોને તો એ પણ એક રોગ જ છે. ગમે એટલા તમે હૃષ્ટ-પૃષ્ટ હોવ પણ આળસી હોય તો શું કામના ? એટલા માટે જીવનને **'સત્યમ્ શિવમ્ સુંદરમ્'** બનાવવા માટે શરીરનો મોહ છોડવો ને પરમાત્મામાં પ્રેમ જોડવો.

**સંતકૃપાથી છૂટે માયા,**
**કાયા નિર્મળ થાય જોને**
**શ્વાસો શ્વાસે સ્મરણ કરતાં,**
**પાંચે પાતક જાય જોને,**
**સંત સમાજગમ જે જન કરશે,**
**તેને પ્રગટે પ્રેમ જોને,**
**જે ધાતુને પારસ પરસે,**
**એ તો હોય હેમ જો ને.**

(સ્વામી પ્રિતમદાસજી)

તો બે લાઈનો બતાવી ભજનમાં, એકમાં માયા છૂટે ને અંકમાં પરમાત્મામાં પ્રેમ વધે, તો આ સત્સંગ દ્વારા એટલું શીખવાનું વાર વાર કે ખોટામાંથી પ્રેમ ઓછો કરવો ને સાચામાં પ્રેમને વધારવો. તો માયા એટલે શરીર આ શરીર નાશવાળા છે વિકારી છે મરવાવાળા છે એમ માનીને એનો મોહ ઓછો કરવો ને પરમાત્મા ને આત્મા અખંડ છે અમર છે શાશ્વત છે આનંદ સ્વરૂપ છે પૂર્ણ છે એમ માનીને એમાં પ્રેમ વધારે કરવો. એટલે આત્મામાં પ્રેમ કરાવાવાળા શ્રેયમાં પ્રેમ કરે છે અને શરીરમાં પ્રેમ કરવાવાળા શેમાં પ્રેમ કરે ? બોલો. પ્રેયમાં. એમ ભોગમાં પ્રેમ કરવાવાળા પ્રેયમાં પ્રેમ કરે છે અને પરમાત્મામાં પ્રેમ કરવાવાળા શ્રેયમાં પ્રેમ કરે છે. એટલા માટે પરમાત્મામાં જ્યાં ઘણાં લોકો ભક્તિ કરે એમ લાગે પણ ભોગ મળે એવી વૃતિ કરે છે એટલે પરમાત્મામાં પ્રેમ નથી કરતાં પણ ભોગમાં પ્રેમ કરે છે. નામ છે ભલે ભગવાનનું પણ પ્રેમ કયાં છે ? બોલો. ભોગમાં એમ આપણે મંદિરમાં ગયા પણ મંદિરમાં નહીં પણ (મન) રૂપ જોવામાં હોય તો શું છે ? ભગવાન જોવામાં ન હોય પણ શેમાં હોય ? કે સાલો આપણે સારું મંદિર છે જોવા જઈએ. પણ મંદિર જોવા ગયા કે ભગવાન જોવા ગયા ? તમે વિષય દ્રષ્ટિથી જોવો છો કે ભગવદ્ દ્રષ્ટિથી જોવો છો ? જો વિષય દ્રષ્ટિથી તમે સવારે ગળા સ્વાદે જો ગાતા હોવ તો તમને ગળાનો લાભ મળશે. ભગવાનનો લાભ નહીં મળે. એટલા માટે એકલું ગળાના સ્વાદ માટે નહીં. કાનને સારૂ લાગે એ માટે જો સાંભળતા હશો તો કાનને મળશે બુદ્ધિમાં જ્ઞાન મળશે નહીં એટલે એકલા કાનને સ્વાદે ન સાંભળવું પણ સાથે જ્ઞાન પણ થવું જોઈએ. એમ ભક્તિમાંય તે જગતમાં ભગવાનનું નામ લ્યો. પણ જો ભગવત્‌માં પ્રેમ ન હોય ને કેવળ નામ રૂપ રંગમાં પ્રેમ હશે તો એ તો વયું જશે. આજે છે ને કાલે ખૂટી જશે.

**ક્રમશ...**

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.**

**ગતાંકથી ચાલુ....**

**'કિમીહઃ'** પરમેશ્વરે કેવો પ્રયત્ન કર્યો ? પ્રયત્ન કરવો પડે કે નહીં ? તમારે વજન ઉતારવું હોય તો પ્રયત્ન કરવો પડે ? ચાલવા માટે પ્રયત્ન કરવો પડે છે ને, બોલવા માટે પ્રયત્ન કરવો પડે કે નહીં ? અરે, સાંભળવા માટે ? કોઈ પણ કાર્ય કરવા માટે પેલા પ્રયત્નની આવશ્યકતા છે તો પરમેશ્વરે કયા પ્રયત્નથી સંસાર બનાવ્યો ? કોણ કહે છે ? હતધિય જેની બુદ્ધિ જડ છે ને એ પરમેશ્વર વિશે આવા પ્રશ્નો ઉઠાવે છે.

હતધિય કહે છે કે કુંભાર જયારે ઘડો બનાવેને તો સાધનો જોઈએ જેવી રીતે ચક્કર જોઈએ, ચાકડો જોઈએ, એ ચક્કરને ફેરવવા માટે એક દંડ જોઈએ અને માટી જોઈએ. માટીને લાવવા માટે કુંભારને વાહન જોઈએ, ખબર પડી ? નહિતર કયાંથી આવે ? તો આ બધું ઘડા બન્યા પેલા આ બધું હોય છે. ઘડો હજી બન્યો નથી. પેલા કુંભાર હોય છે, ગધેડો હોય છે, ચક્ર હોય છે, દંડ હોય છે આ બધુ હોય છે તો પરમેશ્વર જયારે સંસાર બનાવવા બેસે છે તો એની પાસે ઓજારો ક્યા હતા ? કુંભાર જેમ બનાવે છે તો તેને ઓજાર જોઈએ છે તો પરમેશ્વરની પાસે પણ ઓજાર જોઈએને, જયારે બનાવવા બેસે ત્યારે તો કયા ઓજારથી ભગવાને આ સંસારને બનાવ્યો ?

અચ્છા, ચાલો હજી આગળ બીજો એક પ્રશ્ન **'કિમ્ ઉપાદાન'** જેમ ઘડો બનાવવો હોય તો માટી જોઈએને મટીરીયલ જોઈએ પરમેશ્વરે સંસારની રચના કરી તો મટીરીયલ કયાંથી લાવ્યા. હવે, આપણે મકાન બનાવવું હોય તો સૌથી પેલા શું જમા કરવું પડે ? ઈંટો જોઈએ. ઈંટો બહારથી લાવવી પડે કે નહીં ? પછી રેતી જોઈએ તો જો ખાલી પ્લોટ પડયા હોય તો ત્યાં રેતી જમા કરવી પડેને તો રેતી બહારથી લાવવી પડેને કપચી જોઈએ, સળીયા જોઈએ આ બધુ ભિન્ન જગ્યાએ હોય. ભિન્ન ભિન્ન જગ્યાએથી લાવીને બધુ એક જગ્યાએ એકઠું કરવામાં આવે છે. એટલે મટીરીયલ જોઈએ છે વસ્તુ બનાવતી વખતે. પરમેશ્વરે જે સંસારની રચના કરી. તો આટલા મોટા સંસારનું મટીરીયલ કયાંથી લાવ્યા ? એ પ્રશ્ન ઊભો થાય કે નહીં ? તો આ જે પ્રશ્નો છે અને આના જેવા બીજા ઘણાં એવા પ્રશ્નો છે જે આની જેવા જ છે. આવા હતધિય લોકો કહે છે **'ત્રિભુવનં સૃજતિ'** ભગવાને આ જે ત્રણ ભુવન એટલે ત્રણ લોકની રચના કરે છે તો પછી એની પાસે એ કઈ ચીજ હતી ? વસ્તુ કઈ હતી ? કયા ઓજારો હતા ? એણે કેવો પ્રયત્ન કર્યો ? એની પાસે કેવું શરીર હતું ? કઈ જગ્યાએ બેસીને આ જગતનું નિર્માણ કર્યુ ? આવા પ્રકારના બીજા પણ જે છે જે સાંભળવામાં બહુ સારા લાગે પણ વિચાર કરતા જે ખોટા ઠરે એવા કુતર્ક કરે છે. કુતર્ક એને કહેવામાં આવે કે સાંભળતા જે સારો લાગે પણ વિચાર કરતા જે ખોટો હોય. એને કહેવામાં આવે કુર્તક. અપ્રત્યક્ષ વસ્તુમાં એવું જ હંમેશા હોય છે. જે સાંભળવામાં, કરવામાં સારું લાગે પણ વિચાર કરતા એ સારું હોતું નથી.

આપણી વૃત્તિ બસ એટલી જ લેવલની હોય છે કે સાંભળવામાં સારું લાગવું જોઈએ. વિચાર તો આપણે કાંઈ કરતા નથી. સાંભળવામાં સારું લાગે. તર્કથી આપણને સારું લાગે પણ વિચાર કરતા જે ખોટું ઠરે એને કુતર્ક કહેવામાં આવે છે. કુતર્ક એટલે ખોટો તર્ક. આ બધા ખોટા તર્કો છે એ સાંભળવામાં સારા લાગે પણ અંતમાં એનું રિઝલ્ટ ન હોય. અને **'જગત મોહાયઃ'** જે લોકો વાત કરતા હોયને એ જગતને મોહિત કરી દે છે એટલે સાંભળવા વાળાને એવું લાગે કે વાત તો આ ભાઈની બહુ સારી છે. ખરેખર, આવું તો હોવું જ જોઈએ. એટલે સાંભળવાવાળાએ બધા એ પક્ષમાં થઈ જાય અને એ પક્ષમાં કોણ થશે. જેનું ભવિષ્યમાં કલ્યાણ નથી એવા લોકો એ પક્ષમાં થવા માંડે છે. એક શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ મહાત્મા કહે છે એની વાતને નહીં માને પણ મુર્ખ, અજ્ઞાની, અભિમાનીને મોહિત થયેલા વ્યક્તિ છે ને એની વાતમાં સંપૂર્ણ સંસારના લોકો આવી જાય છે. અત્યારે જે વિચાર, જે લોકો કરે છે એ સ્વાર્થી લોકો છે. જે લોકોને ઉલટા રવાડે ચડાવે છે. આ સંસારની પરંપરા ન જાણે કરોડો. ખડગો વર્ષોથી ચાલી આવે છે. આજથી સવા પાંચ હજાર વર્ષ પેલાની જે મહાભારતની આપણે વાત સાંભળીએ તો આપણું ભારતવર્ષ કેટલું બધું વિકસીત હતું આપણું ભરત વર્ષ કેટલું બધુ શિક્ષિત આપણો સમાજ કેટલો શિક્ષિત છે. એ તો આપણને એવું બતાવવામાં આવે છે કે તમે તો વિકાસશીલ છો.

**ક્રમશ...**

# સફળતાના સોનેરી સૂત્રો

વિનુભાઈ સુતરીયા
પાલડી

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**(૧) ૐ શ્રી સદ્‌ગુરૂ પરમાત્મને નમઃ શ્રીસચ્ચિદાનંદાય નમ :**

**''ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ગુરૂર્દેવો મહેશ્વર :''**
**''ગુરૂસાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ''**

**''દુનિયાનાં દુઃખો દૂર કરવાનો માર્ગ બતાવનાર''**

ગુરૂ એ જ બ્રહ્મા છે. એ જ ગુરૂ (સર્વવ્યાપક) વિષ્ણું ભગવાન છે. એ જ ગુરૂ મહાદેવ છે. જ્ઞાન આપનાર ગુરૂ સાક્ષાત્ પર બ્રહ્મ છે.

એવા ગુરૂને નમસ્કાર કરું છું.
ગુરૂગુણ ગાજો રે મારા સહુંને સચ્ચિદાનંદ
આનંદમાં રહેજો રે મારા સહુંને સચ્ચિદાનંદ
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ બ્રહ્મલીન મહામંડલેશ્વર
સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ
વેદાન્તાચાર્યને કોટી કોટી વંદન.

**(૨) ''ગુરૂ – શિક્ષક''**

ગુ શબ્દનો અર્થ છે - અંધકાર અને રૂ શબ્દનો અર્થ છે - તેનો નાશ કરનાર. આમ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારને ગુરૂ કહેવાય છે.

- સ્કંદપુરાણ-

**(૩) ''ૐ કાર''**

ૐ કાર મહામંત્ર છે. એટલે સમગ્ર વિશ્વનું નાનામાં નાનું દ્રષ્ટિબિંદુ છે. તેનાં પાંચ અંગ છે (૧) અકાર (૨) ઉકાર (૩) મકાર (૪) અર્ધ - ચંદ્રાકાર (૫) શૂન્યાકાર. ૐ કારનું સ્મરણ કરીને તેમાં લય પામી જાવ. નાભિથી ઉઠતા શ્વાસની સાથે ૐ કારનું સ્મરણ કરવું.

**(૪) ''ૐ તત્ત્વમસિ''**

ૐ હિંદુ ધર્મનો મહામંત્ર છે. આ મંત્રનાં ત્રણ પ્રકાર છે. (૧) આત્મપરાયણતા (૨) ઉન્નતિ (૩) મહાનતા. ૐ નાં મંત્રથી ઈશ્વરની ઉપાસના કરવી. ૐ નમઃ શિવાય ૐ નમઃ શિવાય

**(૫) ''બ્રહ્મ એજ સત્ય''**

બ્રહ્મ એ જ સત્ય છે. જગત મિથ્યા છે. હું જ શુદ્ધ આત્મા છું. અહં બ્રહ્માસ્મિ અસ્તું ૐ તત્ત્વમસિ. પ્રજ્ઞાનંબ્રહ્મ. અયમાત્માબ્રહ્મ.

**(૬) ''સ્વધર્મ''**

દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતાસ્ત્રી. સાધુ અને વેદ. એમની નિંદા કયારેય ન કરવી અને ન સાંભળવી.

**(૭) ''સેવા અને દાન''**

સેવા અને દાન બન્ને જગતને ઉજ્જવળતા બક્ષનારી મહાશકિતઓ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા તો ભગવાનની વાણી છે.

**(૮) ''સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ''**

સત્‌યુગમાં તપ અને ત્રેતાયુગમાં જ્ઞાનને ઉત્તમ કહેવામાં આવ્યુ છે. દ્વાપરયુગમાં યજ્ઞને જ (વિદ્વાનો) શ્રેષ્ઠ કહે છે. અને કળિયુગમાં દાનને ઉત્તમ કહેવામાં આવે છે.

**(૯) ''શ્રીમદ્ ભગવદ્‌ગીતાના મુખ્ય પાંચ ઉપદેશ''**

પરમાટી (માંસ), પરસ્ત્રીગમન (વેશ્યા), મદીરાપાન (શરાબ), વ્યસન (કુટેવ), જુગાર રમવો (કેસીનો), ચોરી કરવી વગેરેથી દૂર રહે છે. તેનાં જીવનમાં કદાપી ભૂખે રહેવાનો કે નિર્વસ્ત્ર રહેવાનો વારો નહીં આવે.

**(૧૦) ''તત્ત્વો પાંચ છે. પ્રકૃતિ પચીસ છે''**

(૧) પૃથ્વી : હાડકાં, માંસ, ચામડી, નસો અને રૂંવાડાં.
(૨) જળ : વીર્ય, લોહી, લાળ, મૂત્ર અને પરસેવો.
(૩) તેજ : ભૂખ, તરસ, આળસ, ઉંઘ અને રૂપ.
(૪) વાયુ : ચાલવું, વળવું, દોડવું, પહોળું થવું અને સંકોચાવું.
(૫) આકાશ : કામ, ક્રોધ, શોક, મોહ, ભય.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

નવા નાવડા ગામના (હાલ સુરત) સ્વ. પ્રાગજીભાઈ ભીખાભાઈ અણઘણ સંવત ૨૦૭૧ ચૈત્ર વદ ૬, તા. ૧૦/૪/૨૦૧૫ ને શુક્રવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# નર્મદા પરિક્રમાનું મહત્ત્વ

ઝીલુભા બિહોલા
(ઈસનપુર)

## પ.પૂ. મહંત શ્રી સ્વામી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ પ્રેરિત નર્મદા પરિક્રમા

**પરિક્રમાનું મહત્વ :**

વેદશાસ્ત્રમાં પ્રાચીન કાળથી પરિક્રમાનું મહત્વ રહ્યું છે. પરિક્રમા દેવમંદિરની, યજ્ઞસ્વરૂપ ભગવાનની, પવિત્ર તીર્થક્ષેત્રની થતી રહી છે. પરિક્રમા ઉપાસનાનું એક અંગ છે. જેના તરફ પૂજ્યભાવ હોય તેની પરિક્રમા થાય છે. પુરાતનકાળમાં ગણપતિએ પોતાના માતાપિતાની પરિક્રમાં કરી સમગ્ર પૃથ્વીની પરિક્રમાં કરવાનો લાભ મેળવ્યો હતો.

વિજ્ઞાનિક દ્રષ્ટિએ પણ પરિક્રમા મહત્વ ધરાવે છે. સૂર્યમંડળના ગ્રહો સુર્યની પરિક્રમાં કરે છે. આ ગ્રહોના ઉપગ્રહો જે તે ગ્રહની પરિક્રમા કરે છે. આપની પૃથ્વી સુર્યની પરિક્રમા કરે છે. અને તેનો ઉપગ્રહ ચંદ્ર પૃથ્વીની પરિક્રમા કરે છે. સમગ્ર બ્રહ્માંડમાં નાના તારાઓ મોટા તારાઓની પરિક્રમાં કરે છે. સાચેજ પરિક્રમા એટલે ગતિ, એ જ જીવન છે. અને સ્થગિતતા એ મૃત્યુ છે.

**નર્મદા મૈયાની પરીક્રમા શા માટે ?**

ॐ શાસ્ત્ર વચન છે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુનામાં જળનુ આચમન કરવાથી અને નર્મદામૈયાનું માત્ર દર્શન કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. નર્મદા નદીની ઉત્પતિ બાબતમાં પુરાણકથા છે કે ભગવાન શંકર સમુદ્રમંથન પછી વિષપાન કરીને મૈકલ પર્વત ઉપર તપશ્ચર્યા કરતા હતા ત્યારે તેમના ગળામાં પરસેવો વળતાં પરસેવાની ધારારૂપે માં નર્મદાનો જન્મ થયો, તે શિવપુત્રી હોવાથી "નર્મદે હર" એમ બોલાય છે. મૈકલ્પ પર્વત પરથી નર્મદાનો પ્રવાહ શરૂ થયો હોઈ તે "મૌકલ્પપુત્રી" પણ કહેવાય છે. નર્મદાકિનારે આપણા પ્રાચીન ઋષિમુનિઓએ તપ કર્યા છે. એટલા અન્ય કોઈ નદી કિનારે કર્યા નથી. નર્મદા મૈયાના બન્ને કિનારા આપણા પ્રાચીન ઋષિમુનીઓની ચરણરજથી પવિત્ર થયેલા છે. સ્કન્દપુરાણ અનુસાર નર્મદામૈયાની સૌથી પહેલા પ્રદક્ષિણા માર્કન મુનીએ કરી હતી. બસ ત્યારથી નર્મદામૈયાની પરિક્રમાનો મહિમા રહ્યો છે.

ॐ **નર્મદા પરિક્રમા માટે પાળવાના નિયમા**

ॐ ➼ નર્મદામૈયાની સાચી પરિક્રમા કરવા માટે પરીક્રમાવાસીઓએ નીચેના નિયમો પાળવા જોઈએ

➼ પરિક્રમા માર્ગમાં પ્રસન્ન મનથી ભગવત્ ભજન કરતા રહેવું જોઈએ.

➼ ડુંગળી, લસણ જેવા તામસિક ખોરાક ન ખાતા શુદ્ધ અને સાત્વિક ખોરાક લેવો જોઈએ.

➼ અન્ય પરિક્રમાવાસી તરફ સમદ્રષ્ટિ અને પ્રેમભાવ રાખવો જોઈએ.

➼ મન અને આંખો પવિત્ર રાખવી જોઈએ.

➼ સંપૂર્ણ પરિક્રમા પૂર્ણ ન થાય ત્યાં સુધી નર્મદા મૈયાને ઓળંગવી ન જોઈએ.

➼ કામ, ક્રોધ, મદ, લોભ જેવા ભાવો અંતરમાં ન પ્રવેશવા દેવા.

**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજના માર્ગદર્શન નીચે અમોએ કરેલી નર્મદા પરીક્રમાનો અહેવાલ નીચે મુજબ છે.**

તારીખ-૩૦-૦૧-૨૦૧૫ ના રોજ સવારે ૯:૦૦ કલાકે વિવિધ ગામોના બાવન (૫૨) સેવકો તથા સ્વામીજી શ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ તથા સુરેશ્વરાનંદજી મહારાજ ચાંદોદ આશ્રમથી નીકળી નર્મદા ઘાટ ઉપર પહોચ્યા અને ગોર મહારાજ દ્વારા નર્મદા પૂજન કરવામાં આવ્યું. માં નર્મદાના સુંદર નિર્મળ નીર મનોહરી લાગતા હતા. નર્મદા પૂજન પછી શ્રી માધવાનંદ આશ્રમે પરત આવી કુવારીકાઓને ભોજન તથા ભેટસોગાદો આપી. વિધિવત ચાંદોદથી નર્મદાના ઉત્તર કિનારાની પ્રદક્ષિણા લક્ઝરી બસ દ્વારા શરુ કરી. સાંજના ૪:૦૦ વાગે અમો હાફેશ્વર મહાદેવના મંદિરે પહોચ્યા. અહી ત્રણ રાજ્યોના છેડા મળે છે. પૂર્વમાં મધ્યપ્રદેશ અને ગુજરાત તથા દક્ષિણે મહારાષ્ટ્રની સરહદ આવેલી છે. પર્વતોની ઘાટીમાં નિર્મળ જળ દ્વારા તળાવનુ નિર્માણ થયું છે. હાફેશ્વર મહાદેવના મંદિરની બાબતમાં દંતકથા છે કે અહી કલહંસ નામના ઋષિએ ભગવાન શિવની ઉગ્ર તપસ્યા કરી પ્રસન્ન કર્યા હતા. શંકરે તેમને વરદાન માંગવા કહ્યું ત્યારે તેમને અહી કાયમ વસવાની વિનંતી કરી. ત્યાં જે મંદિરનું નિર્માણ થયુ તે "કલહંસેશ્વર મહાદેવ" કહેવાય છે. પરંતુ પૈદલ પરિક્રમાવાસીઓ અહી આવતા હાંફી જતા હોવાથી આ મંદિરનું બીજું નામ "હાફેશ્વર મહાદેવ" પડયું. આ

મંદિરમાં રાધાકૃષ્ણ, રામજી મંદિર, હનુમાનજી મંદિર જેવા અન્ય મંદિર પણ છે. અહી અમોએ રાત્રી રોકાણ કરી સવારે ૭:૦૦ વાગે અહીંથી આગળ પ્રયાણ કર્યુ.

તારીખ-૩૧-૦૧-૨૦૧૫ ના રોજ નીલકંઠેશ્વર મહાદેવ પહોચ્યા. રાણીરૂપવતીને દર્શન દેવા નર્મદામૈયા સ્વયં તેમના મહેલ આગળ આવતા અહી રેવા કુંડ બનેલો છે. આ જગ્યા માંડવગઢ કહેવાય છે. અહીથી આગળ રામ મંદિરમાં અમોએ રાત્રીનિવાસ કર્યો. સવારે ૭:૩૦ વાગે અહીથી આગળ પ્રયાણ કર્યુ.

તારીખ ૦૧-૦૨-૨૦૧૫ ના રોજ રાત્રે અમો મહેશ્વર નમન સ્થળે પહોચ્યા જેનું પ્રાચીન નામ મહીસ્પતી હતું. રાત્રી રોકાણ ત્યાં કરી અને અમોએ પ્રસિદ્ધ નર્મદાઘાટના દર્શને ગયા. નદી કિનારે રાણી અહલ્યાબાઈ હોલકરે પોતાનો ભવ્ય રાજમહેલ બનાવ્યો છે. મહેલમાં તેમનો પૂજન કક્ષ, સોનાનો જુલો, વિવિધ શિવલિંગ વગેરે અદભુત છે તથા પ્રજાના દર્શનાર્થે ભવ્ય શિવમંદિર પણ બનાવ્યું છે.

તારીખ ૦૨-૦૨-૨૦૧૫ ના રોજ બપોરે ભોજન કરી અમોએ આગળની પરિક્રમા શરૂ કરી અને સાંજે ભારતની પવિત્ર નગરીમાંની એક ઉજ્જેન નગરીમાં પહોચ્યા. અહી દ્વાદસ જ્યોતિલિંગમાના એક મહાકાલેશ્વર ભગવાન શિવના દર્શન કર્યા. તથા વિક્રમ રાજાને પ્રસન્ન હતા તે દેવી હરસિદ્ધિ માતાના દર્શન કર્યા. બીજા દિવસે સવારે ઉજ્જૈનના દર્શન કરવા યોગ્ય ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી. જેમાં કાલભૈરવનું મંદિર મુખ્ય છે. આ મંદિર ખુબ જ જુનું અને ચમત્કારિક છે. પુજારી કાલભૈરવનાં મુખ આગળ શરાબનુ પાત્ર ધરે અને તે જોતજોતામાં ખાલી થઈ જાય છે.

પછી અમે સાંદીપની ઋષિના આશ્રમે ગયા ત્યાં શ્રી કૃષ્ણ અને સુદામાએ સાથે વિદ્યાભ્યાસ કર્યો હતો. એ પ્રસંગોનો ઉલ્લેખ ત્યાં છે. ક્ષિપ્રા નદીને કિનારે નગરથી દૂર રાજા ભતૃહરી અને ગોપીચંદની ગુફાઓ પણ જોવા લાયક છે. ક્ષિપ્રાનદીના કિનારે આવેલ પ્રાચીન સિદ્ધવડ પણ એક સરસ ધાર્મિક સ્થળ છે. કવિ કાલિદાસની આરાધ્ય દેવી ગઢકાલિકા દેવીનું મંદિર પણ દર્શન કરવા યોગ્ય છે. બપોરના ભોજન બાદ અમોએ ૨:૦૦ વાગે અહીંથી પ્રયાણ કરી સાંજે અમે નેમાવર પહોચ્યા જ્યાં રાત્રીરોકાણ કર્યુ.

તારીખ ૦૩-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ભેડાઘાટ પહોચ્યા ત્યાં નર્મદા સ્નાન કરી ગીતા પાઠ કર્યો. ભેડાઘાટ આગળ નર્મદા અને બાણગંગા નદીઓનો સંગમ થાય છે. ત્યાં મનોહર દ્રશ્ય સર્જાય છે. બપોરે અમો જબલપુર પહોચ્યા. જબલપુરમાં ત્રિપુરા બલાસુન્દરી મંદિર ખુબ સરસ છે. ભગવાન શંકરની આશરે ૧૦૦ ફૂટની પ્રતિમ મનોહારી છે. પ્રતિમાના ગર્ભગૃહમાં દ્વાદસજ્યોતિલિંગ સ્થાપિત કર્યા છે. ત્યાં પાશ્વનાથ ભગવાનના દર્શન કર્યા. છેલ્લે ગૌરીઘાટ નર્મદા તટે સ્નાન કરી જબલપુરમાં રાત્રી રોકાણ કર્યુ.

તારીખ ૦૪-૦૨-૨૦૧૫ ના રોજ બપોરબાદ ૨:૩૦ વાગે અમરકંટક પ્રદેશમાં પહોચી ગયા. સૌપ્રથમ જવાલેશ્વર મહાદેવના દર્શન કર્યા. બાજુમા જોહીલા નદીનું ઉદગમ સ્થાન છે. ત્યાંથી આગળ અમરેશ્વર મહાદેવ ગયા. ત્યાં દ્વાદશ જ્યોતિલિંગ સ્થાપિત કરેલા છે. અમરકંટકથી ૬ કિમી દૂર કપિલધારાનો ધોધ જોઈ શકાય છે. અહી કપીલમુનીએ તપશ્ચર્યા કરી હતી અને સાંખ્યશાસ્ત્રની રચના કરી હતી. મૈકલ અને સાતપુડા પહાડની વચ્ચે જળધારા ખાસી ઊંચાઈએથી નીચે પડે છે. અહી પ્રકૃતિનું અદભુત દ્રશ્ય જોવા મળે છે.

અહીંથી ૧ કિમી દૂર દૂધ ધારા આવેલી છે. અહી નર્મદાજીએ રેવા રાજ્યના રાજકુમારને દૂધધારાના રૂપમાં દર્શન આપ્યા હતા તેમ કહેવાય છે. અહી દુર્વાસા ઋષિએ તપ કર્યુ હતું. વચ્ચે ખડક હોવાથી બે ધારા થતી હોવાથી "દુધારા" ના બદલે "દૂધ-ધારા" શબ્દ બનેલો હોય તેમ જણાય છે.

તારીખ ૦૫-૦૨-૨૦૧૫ ના રોજ સવારે અમો નર્મદાજીના ઉદગમ સ્થળ હનુમાન મંદિર જઈ નર્મદા મૈયાની પૂજા કરી. નર્મદા કુંડમાંથી નદી ગુપ્ત માર્ગે આગળ વધે છે. આગળ નર્મદાજીનું સફેદ રંગનું મંદિર અને નર્મદા કુંડ આવેલો છે. ત્યાં પણ અમે ફરીવાર પૂજા કરી. નર્મદાજીના દક્ષીણ તટે કુવારીકાઓને ભોજન કરાવી બપોરનુ ભોજન લીધું. સાંજના અમો ડીંડોરી ઘાટ પહોચી ત્રિવેણી સંગમમાં નર્મદા સ્નાન કરી રાત્રી રોકાણ મહારાજપુર કર્યુ.

તારીખ ૦૬-૦૨-૨૦૧૫ ના રોજ સવારે નીકળી બપોરે ૨:૦૦ વાગે પરમહંસી ગંગાઆશ્રમમાં પહોચ્યા. આ વિશાળ આશ્રમમાં બાલાત્રિપુરસુંદરીનુ મંદિર, શંકરાચાર્ય સ્વામી, સ્વરૂપાનંદ સરસ્વતીનુ મંદિર

તથા તેમના જીવન પ્રસંગોનું વર્ણન કરેલ છે. તદુપરાંત ગંગામૈયાનુ મંદિર, હનુમાન મંદિર, રાધાકૃષ્ણ મંદિર, બોધેશ્વર મહાદેવનુ મંદિર દર્શનીય છે. રાત્રીરોકાણ પરમહંસી ગંગાઆશ્રમમાં કર્યુ.

તારીખ ૦૭-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૭:૦૦ વાગે નીકળી, આગળ પરિક્રમામાં શ્રીનગર પહોચ્યા. ત્યાં જગન્નાથ મંદિર આવેલું છે. સોહાગપુર જીલ્લો હોશંગાબાદ મુકામે બપોરનુ ભોજન કર્યુ. સાંજના અમો હોશંગાબાદ પહોચ્યા. હોશંગ નામના સુલતાને તે શહેર વસાવેલું છે. હોશંગાબાદમાં "પરમહંસી ઘાટ" આવેલો છે ત્યાં નર્મદા સ્નાન કરી આગળ જતા રસ્તામાં આશાપુર  ગામે આશાપુરી માતાના દર્શન કર્યા, અને ત્યાજ રાત્રી ભોજન કર્યુ. રાત્રે ૧૨:૦૦ વાગે ખંડવામાં રાત્રી રોકાણ કર્યુ.

તારીખ ૦૮-૦૨-૨૦૧૫ ના રોજ દાદાજી આશ્રમમાં "દાદાજી" નામના સંતની સમાધિના દર્શન કર્યા ત્યાં તુલજાભવાની માતાનું મંદિર આવેલું છે. આગળ જતા ખરગોનમાં નાર ગામના વતની ચંદ્રકાન્તભાઈ છોટાભાઈ પટેલ તથા મહેન્દ્રભાઈ સેવકને ત્યાં પધરામણી કરી, સ્વામીશ્રી પ્રકાશાનંદજીએ સત્સંગ અને ભજન ધૂન કરી બપોરનું ભોજન પણ ત્યાં લીધું. સાંજના અમો "પ્રકાશા" ગામમાં સદ્‌ગુરુ દગડુજી મહારાજ આશ્રમમાં પહોચ્યા અને રાત્રી રોકાણ કર્યુ.

તારીખ ૦૯-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૮:૦૦ કલાકે આગળ પ્રયાણ કરી બપોરે ૨:૩૦ કલાકે સુલપાણેશ્વર પહોચી નર્મદા સ્નાન અને ભોજન કર્યુ. સાંજના ૫:૦૦ વાગે રાજપીપળા તથા ૬:૦૦ વાગે અંકલેશ્વર પહોચ્યા. રાત્રે ૧૦:૦૦ વાગે કટપોર પહોચ્યા જે દક્ષિણતટનુ છેલ્લુ સ્થળ હતું. ત્યાં અમોએ રાત્રીરોકાણ કર્યુ.

તારીખ ૧૦-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૭:૦૦ વાગે હોડીમાં બેસી દરિયાઈ મુસાફરી શરુ કરી. મધદરિયે અમારી બોટનું મશીન બંધ પડી જતા ઘણાના જીવ ઊંચા થઈ ગયા હતા. પરંતુ બીજી હોડી મદદમાં આવતા હોડીને દોરડે બાંધી ફરી મુસાફરી ચાલુ કરી. ૬૦ કિમી દરિયાઈ મુસાફરી કરી સામે મીઠી તળાવ ગામે બપોરે ૧:૦૦  વાગે પહોચ્યા. બપોરે ૨:૦૦ કલાકે અમો જાડેશ્વર પહોચ્યા, ત્યાં નર્મદા સ્નાન અને દર્શન બાદ ભોજન કરી, ચાંદોદ રાત્રે ૧:૩૦ વાગે પરત આવતા પરિક્રમાં પૂર્ણ થઈ હતી.

તારીખ ૧૧-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૮:૦૦ વાગે વિવિધ સ્થળોથી લાવેલ નર્મદાના જળ ઓમકારેશ્વરને ચડાવવા માટે પ્રસ્થાન કર્યુ. ૯:૦૦ વાગે કુબેર ભંડીરીના દર્શન કરી ૧૧:૩૦ વાગે ગરુડેશ્વર ગામે પહોચ્યા. ત્યાં નર્મદા સ્નાન અને બપોરનું ભોજન લીધા બાદ આગળ સાંજના વાકાનેર પહોચી દુર્ગા માતાના મંદિરમાં ચોસઠ જોગણી માતાઓ સહીત દુર્ગા માતાના દર્શન કર્યા. રાત્રી ભોજન બાદ ૧૨:૩૦ વાગે રાત્રે ઓમકારેશ્વર પહોચી આદિવાસી ધર્મશાળામાં રોકાણ કર્યુ.

તારીખ ૧૨-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૮:૦૦ વાગે રીક્ષામાં વિરાટ વિષ્ણુ મંદિર, હનુમાન મંદિર, ઓમકારેશ્વર ડેમ, ઓમકારેશ્વર મહાદેવના દર્શન કરી, ઓમકારેશ્વર મહાદેવજીને પાચ અલગ અલગ સ્થળો લાવેલ નર્મદા જળ ચડાવી નર્મદા પરિક્રમા પૂર્ણ કરી. બપોરનું ભોજન વિરમગામના વતની શ્રી ગોપાલભાઈ જગજીવનરામ સેવક તરફથી કરાવ્યું હતું. અમો રાત્રે ૨:૦૦ વાગે ચાંદોદ પહોચ્યા.

યાત્રા દરમિયાન દરરોજ સાંજ સવારે નિત્ય પાઠ, સાંજના આરતી ધોળ, સાયમ પ્રાર્થના તેમજ સવાર સાંજ નર્મદાજીની આરતી પૂજન સ્વામીજીશ્રી પ્રકાશાનંદજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. બસમાં સેવિકા બેન ગીતાબેને યોગિક પ્રક્રિયાનું નિદર્શન કરાવતા, દશરથસિંહ ભજનોની રમઝટ બોલાવતા. વલ્લભભાઈ ગીતા પાઠ કરાવતા હતા. સુરેશભાઈ, દિનેશભાઈ, ગોપાલભાઈ વગેરેએ નર્મદા પરિક્રમા સફળ બનાવતા જહેમત ઉઠાવી હતી. સ્વામીજીશ્રી સુરેશ્વરાનંદજીએ પણ ભજનનો લાભ આપ્યો હતો.

તારીખ ૧૩-૦૨-૨૦૧૫ ના રોજ સવારે ૧૧:૦૦ વાગે સમુહભીક્ષા કાર્યક્રમ સમગ્ર બસના પરીક્રમાવાસી સેવકો દ્વારા રાખવામાં આવેલ હતો. જેમાં સંતો, કુવારીકાઓ, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ, બટુકોને આમંત્રી ભોજન તથા ભેટસોગાતો આપી. અંતે પરીક્રમાવાસી સેવકો બપોરે પોતપોતાના ગામ તરફ જવા સૌએ સ્વામીજીશ્રી પ્રકાશાનંદજીની રજા મેળવી વિદાય લેતા ભાવ વિભોર દ્રશ્યો સર્જાયા હતા.

# શુભકર્મથી મોક્ષ

મહાભારતમાં એક સુંદર કથા છે. ધર્મરાજ યુધિષ્ઠિર પિતામહ ભીષ્મને પૂછે છે કે હે પિતામહ ! યુદ્ધમાં ઈચ્છાથી યા અનિચ્છાથી મરેલા યોદ્ધાઓની શી ગતિ થાય છે ? આપ જાણો છો કે ઈચ્છા યા અનિચ્છાથી પણ પ્રાણ છોડવા તો ખૂબ જ કઠીન છે. વ્યક્તિ કોઈ પણ અવસ્થા યા કાળમાં મરવા માગતો જ નથી. આનું શું કારણ ? ત્યારે પિતામહ કહે છે કે યુધિષ્ઠિર ! જીવ ઉજાતિ કે અવનતિ, સુખ કે દુઃખમાં, યુવાનીમાં કે ઘડપણમાં, ગરીબી કે પછી અમીરીમાં સ્વસ્થદશામાં કે રોગાવસ્થામાં, મોહવશાત્ સુખની જ અનુભૂતિ કરે છે. માટે મરવાની ઈચ્છા નથી કરતો. આ વિષયમાં વ્યાસજી અને એક કીડાની કથા સાંભળો.

પ્રાચીન સમયની વાત છે. વ્યાસજી વિચરણ કરતા-કરતા કયાંક જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં એક કીડો ગાડાના ચીલામાં, ઝડપથી જીવ બચાવવા ભાગી રહ્યો હતો. ત્યારે સમસ્ત જીવોની ભાષા જાણનાર વ્યાસજી કીડાને કહે છે કીડા ! આજે આટલી ઉતાવળથી તું કયાં જઈ રહ્યો છે ? તને કોની બીક છે ? ત્યારે કીડો કહે છે કે, રસ્તામાં સામેથી બળદગાડું આવી રહ્યું છે, તેની ઘરઘરાહટથી ડરીને જીવ બચાવવા હું ભાગી રહ્યો છું કે કયાંક ગાડા નીચે કચડાઈને હું મરી ન જાઉ. જુઓ બળદની પીઠ ઉપર ચાબુકના ઘા પડી રહ્યા છે. ગાડામાં બેઠેલા માણસો વાતો કરી રહ્યા છે. આ બધુ જ મને સ્પષ્ટ સંભળાય છે. પ્રાણી માત્ર માટે મૃત્યુ ખૂબ દુઃખદાયી હોય છે. બધાને પોતાનું જીવન ખૂબ દુર્લભ લાગતું હોય છે. કયાંક એવું ન થાય કે મારા ઉપર મૃત્યુનું દુઃખ આવી પડે.

ત્યારે વાસજી કહે છે કે હે કીડા ! તને તો વળી આ કીડાની યોનિમાં સુખ છે જ કયાં ? તારું તો મરી જવામાં જ કલ્યાણ છે. તું અતિ અધમ તમો ગુણી યોનિમાં પડેલો છે. ત્યારે કીડો બોલ્યો કે હે વ્યાસજી ! જીવ માત્ર જે કોઈ યોનિમાં જન્મેલો હોય ત્યાં ભગવાનની માયાથી મોહ પામીને સુખનો જ અનુભવ કરે છે. હું પણ આ કીડાના જીવનમાં સુખી છું તેથી જીવ બચાવવા મથું છું.

વ્યાસપ્રભુ ! પહેલાના જીવનમાં હું એક ધનવાન શુદ્ર હતો. બ્રાહ્મણો ઉપર મને જરા પણ પ્રેમભાવ ન હતો. હું લોભી, ક્રૂર તથા વ્યાજખોર હતો. કડવા વચનો બોલવા, લોકોને ઠગવા, બધ્ધા સાથે દ્વેષ રાખવો, ખોટું બોલવું, બીજાની વસ્તુ ઓળવી જવી. એજ મારો સ્વભાવ તથા ધંધો હતો. હું એટલો સ્વાર્થી હતો કે આંગણે આવેલા અતિથિઓ કે પરિવારના લોકોને જમાડયા વગર જમી લેતો હતો કે આંગણે આવેલા અતિથિઓ કે પરિવારના લોકોને જમાડયા વગર જમી લેતો હતો. મને દેવપૂજા, તીર્થ સ્નાન, દાન, પિતૃ પૂજન, વ્રત, ઉપવાસ વગેરેમાં નામમાત્ર પણ શ્રદ્ધા ન હતી. શરણાગતની રક્ષા કરવાને બદલે ઉલટાના ઉપાધિમાં નાખવાનો જ પ્રયત્ન કરતો હતો. એટલું અપૂરતું હોય તેમ બીજાની સંપત્તિ, ઐશ્વર્ય, સુખ જોઈને રાત-દિવસ બળ્યા કરતો હતો. બીજા કોઈ સત્કર્મ કરવા જતું હોય અને મને ખબર પડે તો તેમાં પણ અડચણ ઊભી કરતો હતો. પૂર્વ જન્મમાં કરેલા આવા પાપ કર્મો યાદ આવતા, મને ખૂબ પસ્તાવો થાય છે. બસ એ જન્મમાં મેં મારી વૃદ્ધ માઁ ની સેવા કરી હતી અને એકવાર એક અતિથિ બ્રાહ્મણને જમાડયા હતા. ફક્ત એ પૂણ્યને પ્રતાપે જ મને પાછલા જન્મની આ બધી વાતો યાદ છે. હે વ્યાસજી હવે હું ભવિષ્યમાં ઉત્તમ કર્મ કરીને સાત્વિક જીવન, સાત્વિક સુખ ભોગવવાની ઈચ્છા રાખું છું મને કંઈક માર્ગ બતાવો.

ત્યારે વ્યાસજી બોલ્યા કે હે કીડા ! હું મારા તપોબળથી તારો ઉદ્ધાર કરીશ તને મારા દર્શન થયા,

મારી દ્રષ્ટિ તારા ઉપર પડી એ જ તારા સૌભાગ્યની નિશાની છે. તારા પાછળના પાપના ફળ સ્વરૂપ તારી આ દશા થઈ છે પરન્તુ હવે તને પૂણ્યની પ્રાપ્તિ થશે.

એક સ્થાનમાં એક શ્રેષ્ઠ બ્રાહ્મણ રહે છે. નિત્ય ગાયત્રી ઉપાસના કરે છે અને લોકોને પવિત્ર કથાઓ સંભળાવે છે. તેને ઘેર પુત્ર રૂપે તારો જન્મ થશે. એ સમયે વિષયોથી વૈરાગ્યભાવ ધારણ કરીને જીવી રહેલા, એવા તારી પાસે આવીને હું તને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપીશ. તું જે ઉત્તમ લોકમાં જવાની ઈચ્છા રાખીશ ત્યાં જઈ શકીશ.

પિતામહ ભિષ્મ કહે છે કે હે યુધિષ્ઠિર ! વ્યાસજીના આમ કહેવાથી એ કીડો રસ્તામાં જ ઊભો રહી ગયો. થોડી જ વારમાં એ મોટું ગાડું આવી પહોંચ્યું અને ગાડાના પૈડા નીચે દબાઈને એ કીડો મરી ગયો. ત્યાર પછી એ કીડો પૂર્વના બચેલા પાપના ફળ સ્વરૂપ અનેક યોનિયોમાં જન્મ લઈ, સારા ક્ષત્રિય કુળમાં જન્મ લઈ અને વ્યાસજીના દર્શન કરવા માટે લઈ જાય છે. આ જીવાત્મા કીડાના શરીરમાં હતો ત્યારે વ્યાસજી સાથે થયેલા વાર્તાલાપના ફળ સ્વરૂપ, ઉત્તરોત્તર શ્રેષ્ઠ યોનિયોમાં જન્મ લેતા-લેતા ક્ષત્રિય કુળમાં જન્મ લે છે. આ બધી જ વાતો, પ્રસંગોને યાદ કરીને આ કીડો (વર્તમાન ક્ષત્રિય) બે હાથ જોડીને વ્યાસજીના ચરણોમાં વંદન કરતા કહે છે કે હે વ્યાસપ્રભુ ! આજે હું જે સ્થાને પહોંચ્યો છું એ કેવલ અને કેવલ આપની કૃપાનું જ ફળ છે. મારા પાપના પરિણામે હું કીડો હતો ત્યાંથી આજે ક્ષત્રિય કુળમાં જન્મ્યો છું. આજે મારી પાસે સુખના બધા જ સાધનો છે. સાંસારિક કોઈ પણ દુઃખ નથી, મારી પાસે ઘોડા, ઉંટ, હાથીઓ વગેરે પ્રાણીઓ છે. નોકર ચાકરોની ભરમાર છે. માનપાનની કોઈ ખોટ નતી. સોનું, ચાંદી, હિરા, મોતી વગેરે રત્નો પણ છે. એટલું જ નહિ મારા સગા સંબંધીઓની સાથે સમયે-સમયે આનંદ ઉત્સાહથી હું રાંધેલા ભાત તથા માંસનું ભોજન કરું છું. હે મહાપ્રતાપી વ્યાસજી ! આજ્ઞા કરો હું આપની શું સેવા કરું ? ત્યારે વ્યાસજી બોલ્યા કે હે ક્ષત્રિય ! તે વાણી દ્વારા મારી સ્તુતિ કરી પરંતુ હજુ સુધી કીડાના જીવનના સંસ્કાર તારા મનમાંથી ગયા નથી અર્થાત્ કે હજી પણ માંસ ખાવાની તારી ટેવ ગઈ નથી. ગયા જન્મમાં અત્યંત ક્રૂરતાથી તે લોકોને રંજાડેલા ને પાપ ભેગું કરેલું તે હજું દૂર થયું નથી. માટે માંસ ભક્ષણની અધમ વૃતિ-વિચાર તું છોડી દે. કર્મના ફળ ભોગવ્યા વિના છુટકો જ નથી. એ વાત તું કેમ ભૂલી જાય છે ?

કીડાની યોનિમાં જન્મ લઈ તે મારું દર્શન કરેલું એ પૂણ્યના પ્રતાપે તું કીડામાંથી ક્ષત્રિય થયો છે અને આજે તે મારી જે સ્તુતિ અને પૂજા કરી છે તેના ફળ સ્વરૂપ હવે પછી અંતિમ જન્મમાં બ્રાહ્મણ કુળમાં તારો જન્મ થશે અને સાધના, ઉપાસના, સદ્‌ગુરૂની સેવા, નિષ્કપટ વ્યવહાર, શાસ્ત્રચિંતન, ગુરૂકૃપા, ઈશ્વરકૃપા અને આત્મકૃપા દ્વારા તારો મોક્ષ થશે -

**કથાસાર :–** પશુપક્ષીની ક્ષુદ્ર યોનિમાં પડેલો જીવ ધીરે-ધીરે ઉજાતિને પ્રાપ્ત કરીને શુદ્રભાવ ત્યાર પછી વૈશ્યભાવ, પછી ક્ષત્રિયભાવ અને છેલ્લે બ્રહ્મભાવ પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત થાય છે. અનાદિકાળની આ સાપસીડીની રમત જેવી કર્મની જાળમાંથી મુક્ત થઈ કોઈક જ જીવ પૂર્ણતાને પામવા માટે સતત પ્રયત્ન શીલ રહે છે. માટે જ ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે હે અર્જુન !

**મનુષ્યાણાં સહસ્રેષુ, કશ્ચિત્ યતતિ સિદ્ધયે ।**
**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિત્ માં વેત્તિ તત્ત્વતઃ ॥**

**॥ શ્રધ્ધાંજલિ ॥**

આકરૂ ગામના (હાલ સુરેન્દ્રનગર) સ્વ. અભેસિંહજી ખુમાનસિંહજી સોલંકી સંવત ૨૦૭૧ પોષ સુદ ૧૧, તા. ૦૧/૦૧/૨૦૧૫ ને ગુરૂવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

પોતાના પુત્ર અને પુત્રીઓને બ્રહ્મચર્ય સદાચાર અને વિદ્યા દ્વારા વિદ્વાન સુંદર અને ચારિત્ર્યવાન બનાવવાનું પવિત્ર કર્તવ્ય દરેક સદ્‌ગૃહસ્થ નિભાવે.

કુટુંબની પાઠશાળામાં માણસને સુસંસ્કારોનું શિક્ષણ મળે છે. સમાજને ગૌરવશાળી બનાવનારા મણિ મોતીઓ પણ આ જ ખાણમાંથી નીકળે છે. વ્યક્તિ અને સમાજ બે પૈડાં છે. જેનાં સુસંચાલનની ધરી કુટુંબ રૂપી સંસ્થાને જ માનવામાં આવે છે. આ હકીકતને સમજી શકાય તો માણસને સમર્થ અને સમાજને પરિશુદ્ધ બનાવવાની માફક કુટુંબોને પણ સુસંસ્કૃત બનાવવાની જરૂરિયાત સમજી શકાશે. સુસંસ્કૃત કુટુંબોનો દરેક સભ્ય તે નાના ઘરના માળામાં સ્વગીય સુખ શાંતિ અને પ્રગતિની ચેતનાત્મક સંપતિ મેળવે છે.

સંતાનના જન્મ પછી તેનું યોગ્ય પાલનપોષણ, ભોજન, કપડાં, શિક્ષણ વગેરેની વ્યવસ્થા કરવાની જવાબદારી પણ સદ્‌ગૃહસ્થ પર જ છે. એટલું જ નહીં. બાળકોના ચારિત્ર્યનું નિર્માણ કરવાનું કર્તવ્ય વડીલોનું જ છે. જો તેને યોગ્ય રીતે ન નિભાવવામાં આવે તો બાળકો અનેક દુર્ગુણોના શિકાર બને છે અને પોતાના માટે કુટુંબના માટે તથા સમાજના માટે શ્રાપ સાબિત થાય છે. તેમને દુર્ગુણોથી બચાવવા અને સદ્‌ગુણોની ટેવ પાડવી પણ તેઓનું કર્તવ્ય છે. બાળકો કેટલાક વાર સાગત સારા ખોટા સંસ્કાર લઈને ચોક્કસ જન્મે છે. પરંતુ તેનો વિકાસ થવો કે નાશ થવો ઘણું ખરું પરિસ્થિતિઓ પર નિર્ભર રહે છે. બાળકોના માનસિક વિકાસનો મલિનતા ઉદંડતા અને અનૈતિકતા કોઈ શકયતા ન હોય બધા લોકો એ વાત ધ્યાનમાં રાખે કે ખૂબ જ કુશળ અને સંવેદનશીલ ગુપ્તચરની માફક આ નવજાત બાળક આપણાં વર્તન અને વ્યવહારને સતત અવલોકતું રહે છે અને ઘણું બધું શીખે છે. એ સમયગાળામાં જે કંઈ તેને શીખવવામાં આવશે તેના જ આધાર પર તેનો સ્વભાવ બનશે અને મોટો થતાં તેનું ભવિષ્ય તેને અનુરૂપ બનશે આ હકીકતને સમજનારા લોકોનું આ એક અનિવાર્ય કર્તવ્ય બને છે કે પોતાના દુર્ગુણો પર નિયંત્રણ રાખે અને ઘરમાં સજ્જનતાની સૌમ્ય પરિસ્થિતિઓ સર્જે અને તેના માટે જે કંઈ ત્યાગ કરવો પડે તેના માટે રાજીખુશીથી તૈયાર રહે. માતા પિતાએ પરસ્પર લડાઈ ઝઘડા ન કરવા જોઈએ અને કામ ક્રીડા પર વધુને વધુ નિયંત્રણ રાખવું જોઈએ કે જેથી બાળકોનું ક સમયે જ બગડવાનું દુષ્પપરિણામ જોવા ન મળે બાળકોનું શિક્ષણ ઉપદેશ પર નહીં પરંતુ અનુકરણ પર નિર્ભર છે. તેમનું કુમળુ મગજ લાંબા પહોળા ઉપદેશો કે કઠોર સૂચનોને સમજવામાં અસમર્થ હોય છે. પરંતુ જે કંઈ બની રહ્યું હોય છે. તેને સમજવામાં અને અપનાવવામાં તેનું અંતઃકરણ પૂર્ણ રીતે સમર્થ હોય છે. આથી તેઓને જે કંઈ શીખવવું હોય તેનું પ્રત્યક્ષ રૂપ તેમની સામે રજૂ કરવું જોઈએ પહેલાના જેવી ગુરુકુલ પ્રથા તો હવે રહી નથી. આજકાલ સ્કૂલ કોલેજોમાં અને શેરીઓમાં પણ ચારિત્ર્ય અને સંસ્કારોનું કોઈ વાતાવરણ નથી ચારે તરફથી કુવિચારો અને કુસંસ્કારો જ બાળકોને મળે છે. આવી સ્થિતિમાં એ જરૂરી ગણાય છે કે ઘરનું વાતાવરણ ઘણું જ સ્વચ્છ, શાંતિદાયક સદાચારી અને સજ્જનતા પૂર્ણ હોય. જેથી બાળકોને સદ્‌ગુણો ગ્રહણ કરવાની પ્રેરણા મળે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

દડવા ગામના (હાલ સુરત) સ્વ. પ્રકાશભાઈ વાલજીભાઈ માંગુકીયા સંવત ૨૦૭૧ ફાગણ વદ અમાસ, તા. ૨૦/૦૩/૨૦૧૫ ને શુક્રવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ બક્ષે, વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલિ અર્પે છે.

# ભગવાનને જાણો

સંદિપ લાભુભાઈ દેસાઈ
(જીવાપર)

મોટે ભાગે લોકો બે ફરીયાદ કરતા હોય છે, પહેલી વાત એ કે ભગવાનનું ભજન કરવા માટે અમને સમય નથી મળતો અને બીજી વાત એ કહે છે કે ભજન કરવામાં અમારૂં મન નથી લાગતું જે માણસ આવી વાત કરે છે એના વિશે મને સંદેહ થાય છે અસલમાં તેઓ ભગવાનને નથી જાણતા જો જાણતા હોત તો ફરીયાદ કરવાની કોઈ જરૂરત ન રહેત. મન એમાં લાગે છે જેને આપણે પ્યાર કરીએ, માન આપીએ છીએ, આદર કરીએ છીએ તેની આજ્ઞાનું પાલન કરીએ છીએ. અચ્છા તો જરા જોઈએ કે આપણું મન લાગે છે કે નહીં ? સ્વામીજી તમને કહે કે હું નોટો (પૈસા) ફેકું છુ જરા ગણીને બતાવજે. જો તમારી ગણતરી સાચી હશે તો તેટલા રૂપિયા એક કલાકમાં તમે ગણ્યા હશે તેટલા રૂપિયા આપીશ અને જો ગણતરી સાચી નહી હોય તો નહી આપું તો નોટો ગણવામાં મન લાગી જશેને ! નોટોને ઉઠાવી ઉઠાવીને રાખે છે. આપણું ધ્યાન (મન) બીજે કયાંય જતું નથી કેવળ નોટો ગણવા તરફ જ લાગેલું રહે છે.

જીવન દ્રષ્ટિનો મતલબ છે જીવનને જોવાની, વિચારવાની, સમજવાની અને જીવવાની રીત, જયારે જીવન વિકસ્યું છે ત્યારથી આજ સુધી જીવન પ્રત્યે ત્રણ પ્રકારની દ્રષ્ટિઓ જ સંભવ બની શકી છે, એમાંની પહેલી છે, અબૌદ્ધિક, અંધ વિશ્વાસોથી ભરેલા અને અતાર્કિક બીજી છે તાર્કિક, બૌદ્ધિક અને યજ્ઞાનીક અને ત્રીજી છે. બુદ્ધિથી પાર તર્કાતીત, અનુભવાતીત અને આ દ્રષ્ટિકોણ જીવનની સંપૂર્ણતાનું દર્શન કરાવે છે, ત્યારે જ તો તેને અવિવેક અને વિવેકથી પાર "પરમવિવેક" કહે છે.

એવા પરમ વિવેકી ગુરૂ એજ સાચા અર્થમાં ભગવાન સમાન છે. આ કળીયુગમાં ગુરૂની ભક્તિ, આજ્ઞાપાલન તથા સત્સંગ કથા શ્રવણ થકી જ મોક્ષને પામી શકાય અને ખરા અર્થમાં તો મનુષ્ય જીવનમાં "શાંતી" એજ મોક્ષ છે. બાકી તો "માણસ સુખી થવા માટે મકાન બદલે છે, વસ્ત્રો બદલે છે, ગાડી બદલે છે છતાં દુઃખી છે કારણ કે તે પોતાનો સ્વભાવ નથી બદલતો." આપણે જેવી દ્રષ્ટિથી જોઈએ જગત (લોકો) આપણને તેવા જ દેખાય છે. દરેક વ્યક્તિ ને પ્રેમભાવથી જોઈએ તો કોઈનામાં આપણને અવગુણો નથી દેખાવાનાં. જીવનનું સાચું શિક્ષણ જ આપણને મળેલા આપણા સંસ્કાર છે. આપણે આપણા રોજીંદા કાર્ય પર જતા પહેલા મંદિરે ન જઈ શકીએ તો કંઈ નહીં પરંતુ માતા-પિતા તથા વડીલોને વંદન અવશ્ય કરવા. વંદન કરવાથી આનંદ-ઉત્સાહ વધશે, વિદ્યા વધશે, બળ વધશે, આપણી કિર્તી-પ્રતીષ્ઠામાં વધારો થાય છે અને અંતમાં એટલું જ કહીશ કે આ કળીયુગમાં જો ભગવાનની વધારે નજીક જો કોઈ હોય તો એ ગુરૂ છે.

ગુરૂ ભક્તિ અને એની આજ્ઞાનું પાલન કરી જીવન જીવીએ તો એજ આપણા જીવનનો સાચો મોક્ષ છે.

# સુવિચાર

બ્રહ્મચારી જયાનંદજી

(૧) ઉત્તમ વિદ્યા જેમ જેમ બીજાને અપાય છે. તેમ તેમ તે વધે જ છે. કદાપિ ઘટતી નથી. કુવામાંનુ પાણી જેમ જેમ ઉલેચાય છે તેમ તેમ વધતું જાય છે. નવું આવે છે.

(૨) જયાં સ્નેહ હોય છે. ત્યાં ભય હોય છે. એમ દુઃખનું કારણ પણ સ્નેહ જ છે. તેથી સ્નેહ ત્યજવાથી દુઃખ અને ભય આપો આપ દૂર થઈ જશે.

(૩) જે મનુષ્યે ॥ હરિઃ ॥ એ બે અક્ષરોનું ઉચ્ચારણ કર્યું છે. તેણે માનો મોક્ષના માર્ગે પ્રસ્થાન કરી દીધું છે.

(૪) અગ્નિ, પાણી, સ્ત્રીઓ, મૂર્ખ લોકો, સર્વો તથા રાજકુટુંબ આ છઃ નું સારી રીતે સેવન કરવું જરૂરી છે. છતા આ છઃ એ કયારેક જો વિફરે તો માણસનું તત્કાળ "અચ્યુતમ્ કેશવમ્" કરી નાંખે છે.

(૫) અતિશય વધુ પ્રમાણમાં પાણી પીવાથી રોગ થાય છે. કઠણ - ભારે પદાર્થો ખાવાથી શરીરમાં રોગો થાય છે. શરીરમાં રોગો થાય છે. શરીરની ધાતુઓક્ષીણ થવાથી રોગ થાય છે. મળમૂત્રના આવેગો રોકવાથી દિવસે વધુ ઊંઘ લેવાથી તથા રાત્રે વધુ જાગવાથી રોગ થાય છે.

## ભજન

જાગૃતિબેન ભગવાનભાઈ ગાબાણી
(પીપળીયા)

પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ ભોળા નાથ આવે,
ભોળા નાથનું ડમરૂ બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ રામચંદ્ર આવે,
રામનું ધનુષ્ય બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ કૃષ્નજી આવે,
કૃષ્નની વાસંળી બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ મીરા બાઈ આવે,
મીરાબાઈના પાયલ બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ શબરી બાઈ આવે,
શબરી બાઈના બોર બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
પુંજી બાના જાયા અખંડાનંદ એનુ નામ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ,
ગુરૂની સમાધિએ કોણ કોણ આવે,
ગુરૂની સમાધિએ મહિલા મંડળ આવે,
મહિલા મંડળની તાળી બોલે બોલો માધવાનંદ એને માધવ સાથે
લાગી લગની બોલો માધવાનંદ...

## ભજન

ભારતીબેન ડી. સંઘાડીયા
(ગાંધીનગર)

**-: રાગ :-**
**મીઠા મધુને મીઠાં મેહુલા રે લોલ..**

ગુરૂજી પધાર્યા મારે આંગણે રે લોલ,
હૈયે હરખ નવ માય જો, ગુરૂજી પધાર્યા મારે...
ફુલડાં વેરાવ્યા સારી વાટમાં રે લોલ,
તોરણ બાંધ્યા છે મે તો દ્વાર જો.. ગુરૂજી પધાર્યા મારે...
સ્થંભ રોપાવ્યા મેં તો કેળના રે લોલ,
રંગોળી સાથિયા અપાર જો.. ગુરૂજી પધાર્યા મારે...
ચરણો પખાળું પૂરણ પ્રેમથી રે લોલ,
ચરણામૃત કેરાં કરૂ પાન જો... ગુરૂજી પધાર્યા મારે...
ધોતી ઉપરણાં ધરૂ ભાવથી રે લોલ,
ચંદન તિલક કરૂ ભાલ જો... ગુરૂજી પધાર્યા મારે...
ચંપો ગુલાબ મ્હેકે મોગરા રે લોલ,
માળા ધરાવું મારે હાથ જો... ગુરૂજી પધાર્યા મારે...
ફુલહાર પહેરાવું ગુરૂદેવને રે લોલ,
લળી લળી લાગું તમને પાય જો... ગુરૂજી પધાર્યા મારે...
દંડવત્ કરીને કરૂ વંદના રે લોલ,
લઉ લઉ ચરણ સ્પર્શ લાભ જો... ગુરૂજી પધાર્યા મારે...
મેવા ધરાવું મન ભાવતાં રે લોલ,
સાથે કેસરીયું દૂધ સાથ જો.. ગુરૂજી પધાર્યા મારે...
વાયુ ઢોળાવું સદ્‌ગુરૂદેવને રે લોલ,
જમના જળ પાન આપુ સાથ જો.. ગુરૂજી પધાર્યા મારે...
ઉરના ઉમળકે કરૂ આરતી રે લોલ,
સેવક બડભાગી બન્યો આજ જો... ગુરૂજી પધાર્યા મારે...

જયશ્રી સચ્ચિદાનંદ

"સદ્‌ગુરૂ શરણ મેં લીજીએ, દીજે વો વરદાન,
ૐકાર સે તેજસે મીટે તિમીર અજ્ઞાન."

## ગુરૂજી મને બહુવાલા

વાઘાણી ઉષાબેન ચંદુભાઈ
(નાના સુરકા)

સખી જોને ગુરૂજી મને બહુ વાલા,
વાલા લાગે જગાબાપાના લાલા ચાણોદ ધામ વાળા,
ગુરૂજી મને બહુ વાલા.....
આજે સવારનું જોયુ નથી મુખડું,
નથી આવ્યા દર્શન દેવા ભક્તોની સંભાળ લેવા,
ગુરૂજી મને બહુ વાલા.....
હું તો આશ્રમ આશ્રમ ગોતી વળી,
કયાંય નો દીઠા પુંજીબાના જાયા ચાણોદ ધામ વાળા,
ગુરૂજી મને બહુ વાલા.....
મેં તો સુઘડ જોયું ને આકરું જોયુ,
મેં તો જોયું ચાણોદ ધામે નર્મદા ઘાટે,
ગુરૂજી મને બહુ વાલા.....
મેં તો બાકરોલ જોયું કંથારીયા જોયું,
મેં તો જોયું હરીદ્વાર ધામે ગંગા નદીના ઘાટે,
ગુરૂજી મને બહુ વાલા.....
હું તો સંતો ભક્તોને પુછી વળી,
મને બતાવો પુંજીબાના જાયા ચાણોદ ધામ વાળા,
ગુરૂજી મને બહુ વાલા.....
એક સંત આવ્યાને સંદેશો લાવ્યા,
એતો હતા પુંજીબાના જાયા ચાણોદ ધામ વાળા,
ગુરૂજી મને બહુ વાલા.....
આજે ચાણોદ ધામને દિપાવ્યું તમે,
આવ્યા ભક્તોને દર્શન દેવા ભક્તોની સંભાળ લેવા,
ગુરૂજી મને બહુ વાલા.....
તમે પીપળીયા ગામને પાવન કર્યું,
તમે હતા પીપળીયા ગામે ચાણોદ ધામે,
ગુરૂજી મને બહુ વાલા.....

## કિર્તન

શોભના એ. દિયોરા
(ચમારડી)

ચાલો આકરૂ ધામ મારે, આકરૂ ધામ મારે,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
દર્શન કરતા હૈયા ટાઢા થાય છે,
જીવન મારું ધન્ય બની જાય, જીવન ધન્ય બની જાય,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
પૂર્વના પુણ્યે ગુરુ પ્રગટ મળ્યા છે,
હારે તેની કરી લ્યો ઓળખાણ તેની કરી લ્યો ઓળખાણ,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
દર્શન કરતા એટલું રે માંગતા,
અખંડ સુખ દેજો ગુરુદેવ, સુખ દેજો ગુરુદેવ,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
પૃથ્વી ઉપર ગુરુજી વિચરણ કરે છે,
અનેક જીવના કરવા છે, કલ્યાણ જીવના કરવા છે કલ્યાણ,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
આકરૂ ધામમાં માધવાનંદ બીરાજે,
ચાણોદમાં અખંડ આનંદના ધામ, અખંડઆનંદના ધામ,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
હાથ જોડીને અમે એટલું રે માંગતા,
અંત સમયે આવો ગુરૂદેવ, વેલા આવો ગુરૂદેવ,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા,
જનમ મરણના ફેરારે ટાળવા,
સાચું સુખ દેજો આત્માનું, દેજો આત્માનું,
પ્રગટ ગુરૂનાં દર્શન કરવા...

## ❖ ગુરૂ અખંડાનંદજીનું તપ

વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા
(પીપળીયા)

**-: રાગ :-**

**સુદામાજી દ્વારિકામાં આવ્યા રે...**

અખંડાનંદજી તપ કરવાને હાલ્યા રે - કાશી કેરા ઘાટમાં રે...
એજી એને ગુરૂજીનો છે સંગાથ - વૈરાગ કેરા વાટમાં રે,
મોહમાયા નાખી તોડી-સગા સંબંધી દીધાં છોડી,
એજી એણે ગુરૂજી સાથે પ્રિતડી જોડી રે,
મલકાણાં એનાં મુખડાં રે...અખંડાનંદજી.....૧
બાર બાર વરસ તપ કીધું કાશી વિશ્વનાથે પારખી લીધું,
એજી એણે પાછું પગલું ન દીધું રે,
દુ:ખડાં સહ્યા દેહના રે...અખંડાનંદજી.....૨
ઈંગળાને પીંગળા સુષુમણાં સાધી,
દસે ઈન્દ્રિયોને વશ કરી દીધી,
એજી એણે અખંડ સમાધિ ચડાવી દીધી રે,
જયોત્યું ઝળહળે બ્રહ્માંડમાં રે...અખંડાનંદજી.....૩
વેદ પુરાણને કંઠે કીધાં સર્વ શાસ્ત્રને જાણી લીધો,
એજી એણે દુનિયાને બોધ દીધાં રે,
ફેરા ચોરાશીના ટાળવા રે...અખંડાનંદજી.....૪
તત્ત્વમસિનો બોધ લીધો-કામને એણે બાળી દીધો,
એજી એણે ક્રોધને કરી દીધો સીધો રે,
લોભે લલચાણાં નહીં શામળા રે...અખંડાનંદજી...૫
મહામંડલેશ્વર અખંડાનંદ જોગી-તમે છો પૂર્વના યોગી,
એજી એ તો બ્રહ્મના બનીયા ભોગી રે,
જન્મ મરણનું બીજ બાળીયું રે...અખંડાનંદજી.....૬
ગુરૂ શિવોહંસાગર મળીયા-ચોરાશીના ફેરા ટળીયા,
એજી એ તો ગુરૂજીના વચને પળીયા રે,
પૂજાણા એનાં પાવલાં રે...અખંડાનંદજી.....૭
દાસ તમારો વાલજી કહે કરજોડી,
અમારી મમતાને નાખજો તોડી,
એજી ગુરુજી અમને લેજો તેડી રે,
ચરણોમાં રાખો શામળા રે...અખંડાનંદજી.....૮

## ❖ કાવ્ય

નાવડા મહિલા
મંડળ

**(રાગ)**

**નાણાવટી રે સાજન બેઠું માંડવે**

માધવ આવ્યા રે ભકતો ને સુખ આપવા
સુંદર વસતડી ગામ ધાર્યુ ધર્મનું ધામ માધવ...
માતા જીવાબાને ઘેર, કરી માધવે મેર માધવ...
પ્રગટ્યા પુરણ બ્રહ્મ કોઈને પડી નહીં ગમ માધવ...
શોભે બાલુડે વેશ માથે ભુરા છે
રમે સખાને સાથ, અનેક બ્રહ્માંડના નાથ માધવ...
ઉંમર અગિયાર વરસ મુખડું શોભે સરસ માધવ...
અન્તે ઉપજ્યો વૈરાગ્ય, કર્યો સંબંધોનો ત્યાગ માધવ...
માથે ભુરા છે કેશ ચાલ્યા બંને ભાઈ માધવ...
ચાલ્યા ભીમનાથ વાટે, નાયા નિલકાને ઘાટે માધવ...
મળ્યા અવધુત એક, ચાલ્યા કાશીની વાટે માધવ...
ભણ્યા કાશી ધામ આવ્યા ગુજરાત માય માધવ...
ફર્યા અવની ઉપર ધર્મ સ્થાપ્યો રૂડી પેરે માધવ...
ફરતા બાલુડે વેશ દીધો સૌને ઉપદેશ માધવ...
ધર્યું માધવ નામ ધાર્યું આકરું ગામ માધવ...
અનેક બ્રહ્માંડના નાથ પરછા પુર્યા છે અપાર માધવ...
સમાધી શોભે આકરૂ ધામ પ્રસાદ વરસાવ્યો ત્યાગ માધવ...
સર્વ ભકતોની સાથ ગુરુ અખંડાનંદના નાથ માધવ...

**''વાસુદેવ સર્વઈતિ''**

મારા પ્રભુ પહેલા હતા, અત્યારે છે અને હવે પછી પણ રહેશે. આ જગત પરમાત્માએ બનાવ્યું છે. પરમાત્માને કોઈએ બનાવ્યા નથી,

- કારણનું કારણ પરમાત્મા છે.
- પરમાત્મા જ નિમિત્ત કારણ છે અને એ જ ઉપાદાન કારણ પણ છે. અખિલ કારણાય....
- મારા પ્રભુ વધ-ઘટનાં વિકાર વિનાના છે.
- પ્રભુ કુટસ્થ છે. સ્થિર છે.

પરમાત્માને વૃધ્ધા અવસ્થા આવતી જ નથી.
સદાબહાર યૌવન યવસ્થામાં જ રહે છે.
પરમાત્મા સિવાયના બધા જન્મે છે અને મરે છે.
પ્રભુ અવિનાશી છે. અનંત છે. અપાર છે.
અનુપમ છે. અદ્વૈત છે. અમર છે.
પરમાત્મા સત્ય છે, ચેતન છે, આનંદરૂપ છે.
પ્રભુ સત્-ચિત્ત-આનંદ સ્વરૂપ છે.

- પ્રભુ મારા છે. ને હું પ્રભુનો છું.

ઈશ્વર અંશ જીવ અવિનાશી.
ચેતન અમલ સહજ સુખરાશી.
સુખ-સુખનો ભંડાર છે, જયાં દુઃખ લવલેશ માત્ર નથી.

- હું સુખ, દુઃખના વિકાર વિનાનો છું.
- મારો કોઈએ શોક કરવો નહીં.
- હું કોઈ કાળમાં ન હતો એવું નથી, અને એવું પણ નથી કે હવે પછી હું નહીં હોઉં.
- મારી સહજ અવસ્થા છે.
- હું કયાંય મોહિત નથી, હું સહનશીલ છું.
- ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો મને વ્યાકુળ નથી કરતા.
- શરીર અસત્ છે અને શરીર સત્ત છે.
- નાશરહિત તો તું તેને જાણ, જેનાથી આ સકળ જગત દ્રશ્ય વર્ગ વ્યાપ્ત છે.
- મારો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.
- હું કોઈને હણતો નથી અને હું કોઈનાથી હણાતો નથી.
- હું કોઈ કાળમાં જન્મતો નથી અને મરતો પણ નથી.
- કારણ કે હું અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છું હે પુરુષ તું મને નાશરહિત, નિત્ય, અજન્મા અને અવ્યય જાણ.
- હું અવ્યક્ત, અચિંત્ય અને વિકારરહિત છું માટે હું શોક કરવા યોગ્ય નથી.
- જે જન્મે છે એ જરૂર મરે છે.
- કોઈ વિરલ મહાપુરુષ મને આશ્ચર્યની જેમ જુએ છે, કોઈ મને આશ્ચર્યની જેમ વર્ણવે છે. કોઈ અધિકારી પુરુષ જ મને આશ્ચર્યની પેઠે સાંભળે છે અને કોઈ તો સાંભળીને પણ, મને જાણતો નથી. હું સૌના શરીરોમાં હંમેશા અવધ્ય છું.
- મારી બુધ્ધિ નિશ્ચયાત્મિકા છે.
- મારે સંસાર સાથે સંબંધ વિચ્છેદ છે. હું સંસારથી અલગ છું.
- મને જન સમુદાયમાં પ્રિતી નથી, હું બહું બોલતો નથી.
- હું મૌન રહું છું, હું એકાંતપ્રિય છું, શાંત છું, સત્યપ્રિય છું.
- મને ભોગોમાં રૂચિ નથી, કર્મફળમાં આસક્તિ નથી.
- મારી બુધ્ધિમાં એક માત્ર પરમાત્મા જ છે.
- મને સ્વર્ગસુખની ઈચ્છા જ નથી થતી.
- હું આત્મા-અનાત્માના વિવેકને જાણું છું.
- ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થે હું કોઈ ઉદ્યમ કરતો નથી. "હું કર્મયોગી છું."
- મારી કયાંય આસક્તિ નથી.
- હું નિત્યવસ્તુ પરમાત્મામાં સ્થિત છું.
- હું નિર્યોગક્ષેમ છું અને આત્મવાન્ છું.
- હું સ્વાધીન અન્તઃકરણનો છું.
- હું જિતેન્દ્રય છું.
- કર્મ ફળમાં મારી આસક્તિ નથી.
- હું ફક્ત કર્તવ્યબુધ્ધિથી જ કર્મ કરૂં છું.
- હું નવરો રહેતો જ નથી, હું આ શરીરને કર્મમાં જોડેલું જ રાખું છું.
- હું સમત્વ યોગમાં રહું છું.
- હું નિષ્કામ કર્મનું આચરણ કરૂં છું.
- મારે કર્મ બન્ધનમાં બંધાવુ નથી, કેમ કે સમબુધ્ધિ-થી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈ નિર્વકાર પરમ પદને પામે છે.
- હું ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ઠ, તત્ત્વવેતા, સદ્ગુરુ સ્વામીજી શ્રી અખંદાનંદ સાગરજીનો શિષ્ય છું. હું એમને ચાહું છું, ભજૂ છું.
- હું અધ્વૈત સંપ્રદાયમાં માનું છું.
- આ "હું" આત્મા અને આ "પરમાત્મા" એક જ છીએ.
- મારે કશું જોઈએ નહીં, મારૂં કશું નથી.
- હું જે કંઈ કર્મ કરૂં છું તેમાં સંસારનું હિત હોય.
- હું ઉદાસીનની પેઠે રહું છું.
- મને ઉત્સવોમાં, મહોત્સવોમાં રૂચિ નથી.
- હું સાદાઈમાં માનું છું.
- જરૂર પુરતું મળી રહે છે.
- હું નિત્ય સંતોષી છું અને સમજદાર છું. જે કંઈ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિનું નિર્માણ થાય છે તે પરમાત્માનું જ વિધાન છે.

# પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજીશ્રીનો કાર્યક્રમ





**પિતૃઓના મોક્ષાર્થે અખંડ આનંદ ધામમાં**

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સરીતા

આનંદ સહ જણાવવાનું કે કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ સમર્થ એવા સચ્ચિદાનંદ પરમ કૃપાળુ કૃષ્ણ પરમાત્માના આશીર્વાદ તથા અમારા સદ્‌ગુરૂ ભગવાનની અસીમ કૃપાથી નર્મદા મૈયાની ગોદમાં ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ તીર્થધામમાં સવંત ૨૦૭૧ વૈશાખ વદ ૧ ને મંગળવાર તા. ૫/૫/૨૦૧૫ ના શુભ દીવસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સરીતાનું સુંદર આયોજન કરવાનું અમોને સદ્‌ભાગ્ય સાંપડયુ છે. **પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં અમૃતમય રસપાન કરાવશે આ અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા અમારૂ ભાવભર્યુ નિમંત્રણ છે.

**:: કથાના પ્રસંગો ::**

- પોથી યાત્રા : મંગળવાર તા. ૫/૫/૨૦૧૫ સવારે ૮.૦૦ કલાકે
- કથા પ્રારંભ : મંગળવાર તા.૫/૫/૨૦૧૫ સવારે ૯:૩૦ કલાકે
- શ્રી કૃષ્ણ જન્મોત્સવ : શનિવાર તા.૯/૫/૨૦૧૫ સાંજે ૪:૩૦ કલાકે
- કથા પૂર્ણાહુતિ : સોમવાર તા.૧૧/૫/૨૦૧૫ સવારે ૧૦:૩૦ કલાકે
- કથાનો સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ બપોરે ૩:૩૦ થી ૬:૩૦


**નિમંત્રક :** શ્રી દીયાળભાઈ વશરામભાઈ ભાયાણી, શ્રી પ્રકાશભાઈ દીયાળભાઈ ભાયાણી
શ્રી દિપકભાઈ દીયાળભાઈ ભાયાણી, શ્રી દીલીપભાઈ દીયાળભાઈ ભાયાણી
મો. ૯૮૨૫૨ ૧૪૭૦૫, ૯૮૨૫૬ ૬૩૫૩૬ (ગામ-દેપલા) હાલ સુરત

**કથા શ્રવણ દરમિયાન સવાર, બપોર અને સાંજે ભોજન પ્રસાદ તેમજ ઉતારાની વ્યવસ્થા રાખેલ છે.**

**:: કથા સ્થળ ::**

અખંડ આનંદ ધામ, શ્રી માધવાનંદ આશ્રમ, મું. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા, ગુજરાત, ફોન. ૦૨૬૬૩ ૨૩૩૩૬૨

---



## તા. ૧૨-૦૫-૨૦૧૫ થી સ્વામીજીનાં સંપર્ક માટે નીચેનાં નંબર પર ફોન કરવો.

# મો. ૦૯૮૭૯૭ ૨૫૭૫૭



પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજશ્રીનો કાર્યક્રમ
તા. ૨૭-૦૪-૨૦૧૫ થી તા. ૧૫-૦૫-૨૦૧૫ સુધી ચાણોદ
ત્યારબાદ સ્વામીજીનાં સંપર્ક માટે નીચેનાં નંબર પર ફોન કરવો.

## મો. ૯૮૨૫૮ ૯૪૩૮૦



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૧૪/૦૫/૨૦૧૫ થી વ્યસન મુક્તિ, સ્વચ્છતા, અંધશ્રદ્ધા નિવારણ અને સંપ ત્યાં જંપ કાર્યક્રમ પૂ.શ્રી માધવાનંદ સ્વામીજીના જન્મ સ્થળ ચસતી જશે. આ કાર્યક્રમ મહિલા મંડળ તરફથી રાખેલ છે.
- તા.૧૫/૦૫/૨૦૧૫ થી સરસ્વ ગાંધીનગર.
- તા. ૨૮/૦૫/૨૦૧૫ થી કલોલ
- તા. ૦૧/૦૬/૨૦૧૫ થી આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, પુનમનો ઉત્સવ વીરસા ગામ તરફથી ઉજવવામાં આવશે.

સ્વામીશ્રી અખંડાનંદ સાગર યુવક મંડળ, સુરત દ્વારા આયોજીત

# વેદાન્ત પ્રસ્થાનત્રયી જ્ઞાનયજ્ઞ

તા. ૧૩/૦૫/૨૦૧૫ થી તા. ૨૩/૦૫/૨૦૧૫



:: પ્રવક્તા ::

**પરમ પૂજ્ય સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

:: સવારે ::

૬.૦૦ થી ૬.૩૫ ગુરૂગીતા પાઠ,
૬.૩૫ થી ૭.૦૦ સ્વાધ્યાયાત્મક સત્સંગ, વિષય - બ્રહ્મસૂત્ર

:: સાંજે ::

૩.૩૦ થી ૪.૦૦ ભજન-કીર્તન, ૪.૦૦ થી ૫.૦૦ પ્રવચનાત્મક સત્સંગ
વિષય - શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, અધ્યાય-૮

:: યુવાવર્ગ માટે રાત્રે વિશેષ કાર્યક્રમ ::

૯.૦૦ થી ૯.૩૦ પ્રાર્થના અને ૯.૩૦ થી ૧૦.૩૦ પ્રવચનાત્મક સત્સંગ
વિષય - તત્ત્વમસિ (સામવેદીય છાન્દોગ્યોપનિષદ્ અધ્યાય-૬, ઉદ્દાલક-શ્વેતકેતુ સંવાદ)
'વૈશાખે ચોથા વેદમાં મહાવાક્યનું જ્ઞાન, તત્ત્વમસિ તે તુજ છે અળગો નહિ અન્ય'

**સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ, ઉદ્યનગર-૧, પીપલા ટેંક ચાર રસ્તા, કતારગામ રોડ, સુરત**
સર્વે સેવક ભાઈ-બહેનોને આ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.




વિશ્વનાથ કૈલાસ આશ્રમ દિલ્હી વાર્ષિક ઉત્સવ
તા. ૩ એપ્રિલ થી ૫ એપ્રિલ ૨૦૧૫ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદાન્તાચાર્યની ઉપસ્થિતીની તસવીર

: સૌજન્ય :

શ્રી દીયાળભાઈ વશરામભાઈ ભાયાણી   શ્રી પ્રકાશભાઈ દીયાળભાઈ ભાયાણી
શ્રી દીપકભાઈ દીયાળભાઈ ભાયાણી   શ્રી દીલીપભાઈ દીયાળભાઈ ભાયાણી

(ગામ-ટેપલા) હાલ સુરત

ભાયાણી પરિવારના જય સચ્ચિદાનંદ

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/7499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5TH OF EVERY MONTH

Printed Book



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ના વરદ્ હસ્તે શ્રી માધવાનંદ આશ્રમ જીર્ણોદ્ધાર લોકાર્પણ વિધી વૈશાખ સુદ ત્રીજ મંગળવાર તા. ૨૧-૦૪-૨૦૧૫ - મુ. ચોગઠ, તા. ઉમરાળા, જી. ભાવનગર.

BOOK POST

પુષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sosani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-